મહાત્મા પ્રીતમદાસે ગુજરાતી પદ્યમાં ઉતારેલી

શ્રીમદ્ભગવદ્ગીતા

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશકઃ ભિક્ષુ-અખંડાનંદ
ભદ્ર-અમદાવાદ અને મુંબઈ

પ્રત ૨૦૦૦, સંવત ૧૯૮૧
મૂલ્ય ત્રણ આના

મહાત્મા પ્રીતમદાસે ગુજરાતી પદ્યમાં ઉતારેલી

श्रीमद्भगवद्गीता

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ

સ્થળ-અમદાવાદ અને મુંબઈ

પ્રત ૨૦૦૦, સંવત ૧૯૮૧

મૂલ્ય ત્રણ આના

અમદાવાદ—'સસ્તું સાહિત્ય મુદ્રણાલય' માં
ભિક્ષુ: અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

નિવેદન

આ સંસ્થા તરફથી હાલમાંજ બહાર પડેલી મહાત્મા પ્રીતમદાસની વાણીમાં આ ભગવદ્‌ગીતાનો પણ સમાવેશ થએલો છે. માત્ર આ ગીતાનોજ ઉપયોગ કરવો હોય તેમને માટે આ આકારમાં બે હજાર પ્રત જૂદી છપાવેલી છે.

વૈશાખ–સંવત ૧૯૮૧

ભિક્ષુ–અખંડાનંદ

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૪	૭	ધારે	ધાર
૩૯	૮	દૃપ	દ્રૂપ
૪૦	૧૫	દૃપ	દ્રૂપ

ગીતાનો નિત્ય પાઠ શામાટે કરવો ?

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ—" હે અર્જુન ! આપણા આ ધર્મ્ય સંવાદરૂપ ભગવદ્‌ગીતાનું જે કોઈ પઠન કરશે, તેણે જ્ઞાનયજ્ઞથી મારૂં પૂજન કર્યું છે એમ હું સમજીશ."

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ કહે છે કેઃ–" વેદોના ત્રણે કાંડ ગીતામાં સ્પષ્ટ કરેલા છે. (એટલુંજ નહિ પણ) આ શ્રીમદ્ ભગવદ્‌ગીતા મૂર્તિમાન વેદજ હોઈને ઔદાર્યમાં વેદ કરતાં પણ શ્રેષ્ઠ છે."

સ્વામી રામતીર્થજી કહે છે કેઃ–"એમરસન (મહાન અમેરિકન તત્ત્વજ્ઞાની) ના દોસ્તોના કહેવાથી જણાય છે કે તેના મનપર ગીતા અને ઉપનિષદોની વધારે અસર થઈ હતી,"

મહાત્મા ગાંધીજી કહે છે કેઃ—" એક વખત મારો અંતકાળ પાસે આવેલો જણાયો, તે વખતે ગીતા મને બહુજ આશ્વાસનરૂપ થઇ હતી."

બંગસાહિત્યસમ્રાટ બંકિમચંદ્ર કહે છે કેઃ—

"ગીતાને ધર્મનો સર્વોત્તમ ગ્રંથ માનવામાં આવે છે તેનું એજ કારણ છે કે તેમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો છે. અન્ય કોઇ ગ્રંથમાં આવું સામંજસ્ય નથી!" × × ×" આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય કેવળ ગીતામાંજ દૃષ્ટિગોચર થાય છે. આવી અદ્‌ભુત ધર્મવ્યાખ્યા કોઇ પણ દેશમાં, કોઇ પણ કાળે, કોઇએ કરી હોય એમ મારા જાણવામાં નથી." × "આવો ઉદાર અને ઉત્તમ ભક્તિવાદ જગતમાં બીજે ક્યાંય નથી."

થૉરો (સુપ્રસિદ્ધ અમેરિકન મહાત્મા) કહે છે કે " પ્રાચીન યુગની સર્વસ્મરણીય વસ્તુઓમાં ભગવદ્‌ગીતાથી શ્રેષ્ઠ કોઇ પણ વસ્તુ નથી. * * * ભગવદ્‌ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષ થઇ જવા છતાં તેના જેવો બીજો એકે ગ્રંથ હજીસુધી લખાયો નથી. * * * ગીતાની સાથે સરખાવતાં જગતનું આધુનિક સર્વ જ્ઞાન મને તુચ્છ જણાય છે અને વિચાર કરતાં આ ગ્રંથનું મહત્ત્વ મને એટલું બધું જણાય છે કે કોઇ કોઈ વખત 'આ તત્ત્વજ્ઞાન કોઇ જૂદાજ યુગમાં લખાયું હોવું જોઇએ' એવો વિચાર મારા મનમાં થઇ આવે છે. * * * હું રોજ પ્રાતઃકાળે મારી બુદ્ધિ અને અંતઃકરણને ભગવદ્‌ગીતાના પવિત્ર જળમાં સ્નાન કરાવું છું."

આવી મહામહિમાવંતી ગીતાનો પાઠ પ્રત્યેક હિંદુસંતાને હરહમેશ કરવો જોઇએ; કુટુંબમાં તેનું નિત્ય શ્રવણ કરાવવું જોઇએ; તથા સારામાઠા પ્રસંગે અને અમસ્થો પણ ગીતાગ્રંથ છૂટથી ભેટ આપવો જોઇએ.

ભગવદ્‌ગીતા

ગીતામાહાત્મ્યનાં પદ

પદ ૧ લું–રાગ ધોળ

પ્રથમ મોહ થયો પારથને, સમઝાવ્યા હરિ સાંખ્યજી;
ત્રીજે કર્મ કહ્યાં શ્રીકૃષ્ણે, કર્મજોગ મૂળ ભાખેજી. ૧
પાંચમે પ્રાણ જોગ પુરશોતમ, આત્મસંજમ સારજી;
જ્ઞાનજોગ કહ્યો ગોવિંદે, પૂરણ યોગ નિરધારજી. ૨
ભક્તિજોગ કહ્યો વિભૂતિ દસમે, વિશ્વરૂપ વિખ્યાતજી;
નિર્ગુણ સગુણ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞે, ગુણવર્ણન સાક્ષાત જી. ૩
જોગ પુરશોતમ કહ્યો પંદરમે, દૈવી આસુરી પ્રકાશજી;
સુખ શ્રદ્ધા ગુણ ત્રિવિધી સત્તરમે, ત્યાગજોગ સંન્યાસજી. ૪
એક એક અક્ષર મંત્ર સંજીવન, બ્રહ્મહત્યાદિક ટાળેજી;
ગાય સાંભળે વળી વિચારે, પ્રેમ નેમ નિત્ય પાળેજી. ૫
ગીતાનો અરથ શ્રીકૃષ્ણ જાણે, મહિમા અગમ અપારજી;
પ્રીતમ પ્રેમસહિત ભજ ભાવે, મંગલકરણ મોરારજી. ૬

પદ ૨ જું–રાગ સદર

શ્રી ભગવત્ગીતા ભવદુઃખહરણી, કરણી કોટ કલ્યાણજી;
પદ્મનાભના મુખથી પ્રગટી, હરિ હરિજનનો પ્રાણજી. ૧
ભોમી ભારથને વિષે ઉપજ્યું, કમલ કમલ મુખમાંથીજી;
ષટપદ સજ્જન શુદ્ધ સ્નેહી, નીમસટળે તાંહાંથીજી. ૨

અઢાર ઓછા આઠસે છે, પદ ચાલ ચોપાઈજી;
નથી ઓસારૂ નથી ઉમેરૂ, જમ છે તમ ગીતા ગાઇજી. ૩
શ્રીમુખનો સંવાદ અનોપમ, ઉત્તમ અમૃત જેવોજી;
પ્રીતમ પ્રેમ હશે તે પામે, મરજીવાનો મેવોજી. ૪

अध्याय १ लो–अर्जुनविषादयोग

દોહરા

મૂક કરે વાચાળ જે, પંગુ લંઘે તે ગિરિ;
તમહં વંદે કૃપાસિંધુ, પરમાનંદ માધવહરિ. ૧
જેને કમળા ગરુડ વંદે, શુક શારદ નારદ શેષ;
એવા ઉત્તમ પુરુષને નમું નેહે, જે સકલ ઉર આવેશ. ૨
પ્રલ્હાદ ઉદ્ધવ પારાશર, અજ ભીષ્મ ભવદ્ર આદ્ય;
તેહની ચરણરજ મસ્તક ધરૂં, જાચું પ્રેમપ્રસાદ. ૩
વ્યાસાદિક અક્રૂર વંદું, જેનાં પાવન પરમ ચરિત્ર;
ગંગાદિક તીરથની પેરે, કરે સહુને પવિત્ર. ૪
મુકંદપ્રિયે પ્રિયે મુકંદ, એહવા ભક્ત કહીયે જેહ;
ચિંતામણી આભ્રણની પેરે, સૌને શોભાવે તેહ. ૫
દેવકીગર્ભરતન મોહન, વિશ્વનો શણગાર;
ભક્તનું પ્રતિપાલન કરવા, અવતાર અંગીકાર. ૬
કંસાદિક શિશુપાળ આદે, દુષ્ટ રાજા જેહ;
તેનો વધ કરવાને કાજે, ધરી નારાયણ નરદેહ. ૭

જગત્પાલક જગતમંગલ, જોતીરૂપ જગદીશ;
અર્જુનને ધર્મજ્ઞાન કહેવા, અવતાર દ્વારકાધીશ. ૮
અર્જુને આપણો ધર્મ મૂકયો, ક્ષત્રિનો જુદ્ધ જેહ;
દયા ધર્મ જે બ્રાહ્મણનો, આચરીને બેઠો તેહ. ૯
શોક મોહ બુદ્ધિ નાશ પામી, એવો જે અર્જુન;
તેને ભવજળ તારવા, કહ્યાં કૃષ્ણે સત્ય વચન. ૧૦
સપ્ત શ્લોકે કહ્યો કૃષ્ણે, પારથને પ્રતિબોધ;
વ્યાસે વર્ણવ્યા શ્લોક સાતસેં,સમજ્યેટળેસૌવિરોધ.૧૧
રાજા હસ્તે વસાવ્યું હસ્તીનાપુર,તે વિષેજે ધૃતરાષ્ટ્રરાય;
પુત્રસ્નેહની વારતા, પૂછે સંજયને અભિપ્રાય. ૧૨
સંજે પાંમ્યો દેવલોચન, વ્યાસથી વિખ્યાત;
એક ઠામે સૌ બેઠો દેખે, સાંભળે સાક્ષાત. ૧૩

ધૃતરાષ્ટ્ર ઉવાચ

ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં, મળ્યા કુરુપાંડુ દોએ;
જે થઇ તે વારતા મને, સંજે કહે તું સોહે. ૧
કુરુક્ષેત્ર વૃત્તાંત કહેવું, જેનો મોટો છે મહિમાય;
એકગણું જો ધર્મ કરે તો, સહસ્રગણું તે થાય. ૨

સંજય ઉવાચ

સુણ નરેંદ્ર કહું વાત તુજને, તવ સુતનું જે મન;
પાંડવની સેન્યા જોઇને, દુઃખ પામ્યો દુર્યોધન. ૩
અર્ધરાત્રે ઉઠાયો, લીધા સેવક સાથે સાર;

આચાર્યની પાસે આવી, બોલીયો નિરધાર. ૪
સાતક્ષોણી દલ પાંડવ કેરૂં, આપણું ક્ષોણી અગીઆર;
તોયે તાપ લાગે મને, તેનો કરવો કવણુ વિચાર. ૫
વ્યગ્રચિત્ત મુખ વદે વાણી, દ્રોણાચાર્ય પ્રતિ જેહ;
નવ શ્લોકે ધૃતરાષ્ટ્રને, સંજય કહેશે તેહ. ૬
દુર્યોધન એમ બોલીયો, જુવો આચાર્ય મહરાજ;
પાંડવસુત સૈન્યા ધણી, આવ્યો યુદ્ધ કરવાને કાજ. ૭
દ્રુપદસુત જે શિષ્ય તમારો, તે ધૃષ્ટદ્યુમન જેહ;
વ્યૂહરચના રાખી છે તેણે, યુદ્ધ કરવાને તેહ. ૮
શિષ્ય તમારો કહો તે શું, એનો એ અભિપ્રાય;
પાંડવ સેન્યપર પ્રીત ઘણેરી, એ તે શું કહેવાય. ૯
હે સ્વામી તમે સાંભળો, કાંઈ થઇને સાવધાન;
પાંડવની સેન્યામાં મળ્યા છે, મહા સુભટ બળવાન. ૧૦
ભીમસેન અર્જુન સરખા, સઘળા સુર સુજાણ;
જુદ્ધ કરવાને ચતુર પુરા, ધર્યાં ધનુષ્ય ને બાણ. ૧૧
ભીમસેન અર્જુન કેવા છે, મહાબળીયા કહેવાયે;
જેણે યુદ્ધ પ્રાજે પમાડયા, કૈલાસકેરા રાયે. ૧૨
યુદ્ધવિષે જે ચતુર કહેવાયે, જૂજુધાંન તે જાણો;
દ્રુપદ વૈરાટ સુ સરવે વેવાઈ, પાંડવના પરમાણો. ૧૩
સૂરવીર તે સબળ દીસે, સનમુખ કહી યુદ્ધ માંડે;
વૃક્ષની પેરે અચળ મહારથી, રણભૂમિ નવ છાંડે. ૧૪

દ્રષ્ટકેતુ ચેકીતાંન કાશીનૃપ, કુંતિભોજ કહેવાય;
પુરુજીત નરપુંગવ બીજા,બળ અનુમાન નવ થાય.૧૫
જેનો રથ ધ્વજડંડ દેખીને, શત્રુપામે સૌ ત્રાસ;
દ્રષ્ટકેતુ કહીએ છે તેને, જેનો જશ જગત પ્રકાશ. ૧૬
રણવિધા યુદ્ધમાં જે ચતુર છે, ચેકિતાંન કેહવાય;
કાશીરાજા જેને બ્રહ્મ સુલભ, કાશી નગરનો રાય. ૧૭
સમસ્ત વેરીનાં પુર જીતે, પુરુજીત તે જાણો;
કુંતિભોજ રાજા શિવસરખા,મહાબળીયાપરમાણો.૧૮
યુદ્ધવિષે જેને ક્રોધ ઘણેરો, જુજુધાંન તે માન;
બહુ બલ તે વિક્રાંત વખાણું,ઉત્તમોજા વીર્યવાન. ૧૯
સુભદ્રાસુત દ્રુપદીના તન, સમસ્ત મારથી જાણયા;
પાંડવનીસેન્યાનામુગટમણિ,તમ આગળતેવખાણયા.૨૦
એવાજ ઉત્તમ દ્રોણાચારજ, સાંભળો મારી વાત;
મમ સેન્યાના નાયક જે જે, વર્ણવી કહું વિક્ષાત. ૨૧
પ્રથમ તમો પછે ભીષ્મ મહાભટ, કિપાચાર્ય કરણ રાય;
અશ્વસ્થામા વિકર્ણ વળતા, સોમદત્ત કહેવાય. ૨૨
તમથી ધનુરવિધા બળ પામ્યો,એહવું અર્જુન નામ;
અગીઆર કોટી રુદ્રનો સ્વામી,જીત્યો જેણે સંગ્રામ.૨૩
ગંગાપુત્ર પવિત્ર જેનું મન, ભીષ્મ મહાબળ ધામ;
શૂરવીરશિરોમણીસૌમાં,જેણે યુદ્ધે જીત્યા પરસુરામ.૨૪
કરણ ચતુર શત્રુ સામો, મહાબળીયો કહેવાયે;

અશ્વસ્થામા અશ્વસહિત, વેરીને રણમાં ખાયે. ૨૫
વિકર્ણની કીર્તિ સાંભળતાં, સુભટ બધિર થૈ જાયે;
તે માટે એ વિકર્ણ કેરા, નામ તણો મહિમાયે. ૨૬
અનેક શૂરા મારે અર્થે, જીવ તજીને આવ્યા;
નાંના સસ્ત્ર ધરીને ઉભા, જુદ્ધવિશારદ કહાવ્યા. ૨૭
આપણી સેન્યાના ભીષ્મ સેનાપતિ,રક્ષાના કરનાર;
તદપિ સૈન્ય અપૂર્ણ લાગે,જદપિ ક્ષોણી અગીઆર.૨૮
સાત ક્ષોણી પાંડવની સૈન્યા, સેનાપતિ ભીમ કહેવાય;
તદપિ બળ બહુ દીસે તેનું, એ મનનો અભિપ્રાય. ૨૯
ભીષ્મની દ્રષ્ટિ પાંડવભણી ભાસે, તેણે જોર જણાયે;
આપણું સૈન્ય અસમર્થ દીસે,તે માટે ઋષિ રાયે. ૩૦
દ્રોણાચારજ પ્રમુખ સુભટ સહુ, ભીષ્મની રક્ષા કીજે,
આપ આપણા સ્થાનકથી જેને, માન બહુવિધ દીજે.૩૧
દ્રોણાચાર્ય રાજા દુર્યોધન, માન ભીષ્મને દીધું;
દુર્યોધનને હરખ પમાડવા, પછી ભીષ્મે શું કીધું. ૩૨
કુરુવૃદ્ધ પિતા મહા બળવંત, સિંહનાદ ત્યાં કીધો;
જુદ્ધતણો ઉત્સાહ ઉપજાવવા,શંખનાદ કરી દીધો.૩૩
ભીષ્મ તણો ઉત્સાહ જોઇને, સુભટ સૌ તત્પર થાય;
સંજય કહે સાંભળ તું સ્નેહે,ધૃતરાષ્ટ્ર રાજાય. ૩૪
અનેક વાજીંત્ર વાગવા લાગ્યાં, રણાંગણ કહેવાય;
શંખ ભેરી ગોમુખ પણવાનક,શબ્દ ભયાનક થાય. ૩૫

હવે પાંડવની સેન્યાનો આનંદ, જુદ્ધ ઉત્સવ કહેવાય;
પાંચ શ્લોક કરી કહેવાશે, સુણ ધૃતરાષ્ટ્ર રાય. ૩૬
ઉજ્વળ અશ્વયુક્ત રથ રૂડો, ગિરિ કૈલાસ સમાન;
ગતિ કરે તે સકળ લોકમાં, ત્રિભુવન તેજનિધાન. ૩૭
તે રથ ઉપર બેઠા બેઉ, અર્જુન માધવરાય;
લક્ષ્મીનાથ સાથ પારથની, શોભા વરણી ન જાય. ૩૮
ત્યાંની શંખધ્વની સાંભળતાં,આનંદ ઉર ન સમાય;
દુર્યોધનની સેન્યાનાં વાજીંત્ર,તે આગળ ઢંકાય. ૩૯
પંચજન્ય શંખ પૂર્યો પોતે, હૃષીકેશ ભગવાન;
દેવદત્ત શંખ પૂરીયો, કાંઇ ધનંજય બળવાન. ૪૦
પૂંઢર શંખ શબ્દ ભયંકર, પૂર્યો વૃકોદર વીર;
અનંતવિજય શંખ પૂર્યો,કાંઇ રાય યુધિષ્ઠિર ધીર. ૪૧
મણીપુષ્પ શંખ સુઘોષમંગળ, પૂર્યા નિકુળ સહદેવ;
શબ્દ તેનો સાંભળીને, મૂકે સહુ અહમેવ. ૪૨
કાશીરાજા ધ્રુષ્ટકેતુ, શીખંડી વૈરાટ;
ધૃષ્ટદ્યુમન સાત્યકી ઉભા, જુદ્ધ કરવાને માટ. ૪૩
દ્રુપદરાજા દ્રુપદીસુત, સુભદ્રાનો તંન;
ભિન્નભિન્ન શંખનાદ કીધા, પૃથ્વીપતિ રાજંન. ૪૪
શંખધ્વની આકાશ અવની, સુણી સુર તજે પ્રમાદ;
ધૃતરાષ્ટ્રસુતનું હૃદે વિડારે,એવા થયા શંખનાદ. ૪૫
પાંડવસેના સૂર સરવે, ઉપજ્યો મન ઉલ્લાસ;

સંજય કહે તું સાંભળ રાજા,તજ પુત્રની આશ.૪૬
શંખધ્વની સુણી ત્રાસ પામે, દ્રોણ પ્રમુખ મહારાજ;
ધનુષ્ય આકર્ષણ કરીને ઉભા,જુદ્ધ કરવાને કાજ. ૪૭
તે દેખી અર્જુન કપિધ્વજ,જેની ધ્વજાએ હનુમાન;
ગાંડીવ સજ કરીને બોલ્યો,સાંભળો શ્રીભગવાન.૪૮
સંજય કહે સાંભળ મહીપતિ,કૃષ્ણપ્રત્યેબોલ્યોઅર્જુન;
બેઉ સેના મધ્યે રાખીયે રથ,આપણો જુગજીવન.૪૯

અર્જુન ઉવાચ

હે શ્રીકૃષ્ણ કમળદળ લોચન,કોણ સુભટ આવ્યા સામા;
તેશું જોઇને જુદ્ધ માંડીએ,જેમ ઘટે તેમ સંગ્રામ. ૫૦
ધૃતરાષ્ટર સુત દુરબુદ્ધિ જે, દુર્યોધન કહેવાય;
તેની સાથે પ્રીય કરવા, કોણ કોણ આવ્યા રાય. ૫૧

સંજય ઉવાચ

અર્જુન વાયક સાંભળી કૃષ્ણજી, કીધી અશ્વને સાન;
બેહુ સેનામધ્યે રાખીયો રથ,ઉત્તમ શ્રીભગવાન.૫૨
ભીષ્મ દ્રોણની આઘ મહીપતિ, ધર્યાં કવચ ને ટોપ;
જુદ્ધ અર્થે રહ્યા ઉભા, કરી મનમાં કોપ. ૫૩
આયુધ આગળ અંગ ઢાંકયાં,અર્જુને નવ ઓળખાય;
તેને આંગળીયે કરી, ઓળખાવે વૈકુંઠરાય. ૫૪
આ પેલો છે અશ્વસ્થામા, દ્રોણ દુર્યોધન;
કિૃપાચાર્ય ભીષ્મ વિકરણ, એ તું જો અર્જુન. ૫૫

અર્જુને જે સુભટ દીઠા, ભીષ્મપિતા સમાન;
દ્રોણાચાર્ય ગુરુ દીઠા, કરણ ભ્રાત નિદાન. ૫૬
સલ્ય પ્રમુખ માતુલ દીઠા, દુર્યોધનસુત નિજ તન;
શત્રુ સૈન્યામાં મિત્રનો ભાવ, ઉપજ્યો અર્જુન.૫૭
સ્વસુર સહોદર બેઉ સેનામાં,અર્જુને દીઠા સરવ;
બંધુવર્ગને જોઇને,મન પારથ મૂકે ગરવ. ૫૮
પરમ કૃપા મન ઉપની, એવો જે અર્જુન;
શ્રીકૃષ્ણ પ્રત્યે બોલીયો, ખેદ પામતો મન. ૫૯

અર્જુન ઉવાચ

હે કૃષ્ણ આ સુભટ સર્વે, સ્નેહ પાત્રપ્રવાહ;
એ સજન સહુ જોઇને, ગયો યુદ્ધનો ઉત્સાહ. ૬૦
સીદાય મમ ગાત્ર માધવ, શોકે મન સુકાય;
ત્વચા દાઝે પડે ગાંડીવ,શરીર રોમાંચિત થાય. ૬૧
પડે ધનુષબાણ હાથથી, મન ભમે મહારાજ;
એવો વિવેક નથી ઉપજતો,જે શું કરવું હવે આજ.૬૨
નિમિત્ત જોતાં અશુભ એવાં, વામ ફરકે અંગ;
સ્વજન હણ્યે શ્રેય ન દીસે,સાંભળો શ્રીરંગ. ૬૩
સંગ્રામજયની નથી આકાંક્ષા, નથી રાજની ઇચ્છાય;
વિષયભોગ નથી વાંચ્છતો, એવું જાણજો જદુરાય.૬૪
ઉપનીષદ વેદ શાસ્ત્રને, ઉપજાવે આનંદ;
સ્વર્ગ ધેનુ તણો સ્વામી, તેનું નામ ગોવિંદ. ૬૫

સહોદરને સંતોખવા, ઇચ્છીએ સુખ રાજ;
તે સ્વજન જીવ તજી,આવ્યા જુદ્ધ કરવાને કાજ. ૬૬
આચારજ પિતૃ પિતા, પુત્ર પૌત્રાદિક તથા;
સ્વસુર સાળા સંબંધી, તેશું જુદ્ધ કરવું વૃથા. ૬૭

શ્રીભગવાન ઉવાચ

અર્જુન તુજને ઉપની, નહિ કરે જુદ્ધ એહ;
રાજ માટે તારો વધ કરશે, તેમાં નહિ સંદેહ. ૬૮

અર્જુન ઉવાચ

જો મુજને હણશે મધુસુદન,તોયે એને હું નહિ હણું;
તુચ્છ વૈભવ ત્રિલોકનો,તો કોણ રાજ્ય પૃથ્વીતણું. ૬૯
ધૃતરાષ્ટ્રસુત દુર્યોધનાદિક, તેનો વધ કેમ કીજે;
સુકીત જાયે શું સુખ થાયે, નિશ્ચે નરક પડીજે. ૭૦
હે માધવ હે કૃષ્ણ કૃપાનિધિ, છો તમો જાણસુજાણ;
દુર્યોધનશું જુદ્ધ કરતાં નહોયે,આલોકપરલોકકલ્યાણ.૭૧
એ લોભે કરી લ્હેતો નથી, ધૃતરાષ્ટ્રકેરો કુમાર;
આલોક પરલોક નાશ કરે,ઉપજાવે દોષ અપાર.૭૨
કૌરવ સુન્ય થયા છે લોભે, કુલક્ષયનો દોષ ન જાણે;
મિત્રદ્રોહનું પાતક મોટું, તે હૃદયે નવ આણે. ૭૩
હે કૃષ્ણ અમો દેખું પાપને,તે કિલમસ ક્યમ કીજે;
સદા જતન કરૂં ટાળ્યાનું,પાતક નામ ન લીજે. ૭૪

શ્રીભગવાન ઉવાચ

કહે છે કૃષ્ણ સાંભળ તું અર્જુન,મિત્ર માહરી વાત;

કુળનો નાશ કરે શું હોયે, તે કહેને વિખ્યાત. ૭૫

અર્જુન ઉવાચ

કુળનો નાશ પુત્રપૌત્રાદિક, શ્રાધાદિક ટળી જાયે;
ધર્મગયેઅધર્મહોયજ્યારે,ત્યારેકુળપરાભવથાયે.૭૬
હે કૃષ્ણ રૂડા કુળની સ્ત્રી, દુષ્ટ ચિત્ત જ્યારે થાયે;
નીચ પુરુષનો સંગ કરે,ત્યારે વર્ણસંકર કહેવાયે. ૭૭
વર્ણસંકર પુત્ર પ્રગટે, તે કુળ નરકે નાખે;
કુળનો ક્ષય કરનારો જે કોઇ, પડે કુંભીપાકે. ૭૮
સતકર્મે પિતૃ સ્વર્ગ પામ્યા, તેને પાછા પાડે;
પૂર્વજ નામ લઈ પિંડ મૂકે,સૂચી નરક પમાડે. ૭૯
કુળમાં ઉપજે વર્ણસંકર, ધર્મ સનાતન જાયે;
અમારો ક્ષત્રી ધર્મ તે નાશે,વંશ લોપ તે થાયે. ૮૦
જનાર્દન જેનો વર્ણાશ્રમ, ધર્મ પામ્યો નાશ;
ધર્મનાશ પામે પડે નરકે, એમ વદે વેદવ્યાસ. ૮૧
હે શ્રીકૃષ્ણ ઇશ્વર તમ સંગે,પાપ બુદ્ધિ કેમ થાયે;
રાજતણું સુખ પામવા,સ્વજન હણવા મન જાયે. ૮૨
રણવિષે આયુધ નહિ ધરૂં, નહિ કરૂં જુદ્ધ ઉપાંયે;
એમ કરતાં એ મુજને મારશે,પાતક તો નહિ થાયે.૮૩

સંજય ઉવાચ

સંગ્રામવિષે ત્યાં અર્જુને,મૂક્યાં ધનુષ્ય ને શર હેઠાં;
ગજરથ આસન ઉપર હતું,પાછળ જઇને બેઠાં.૮૪

વલણ

પછાત ભાગે રથને બેઠા અર્જુન, અધ્યાય એક નિરધાર;
કહે પ્રીતમ પ્રભુ પ્રેમે કરશે, અર્જુનનો ઉદ્ધાર. ૮૫

ઇતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અર્જુનવિષાદયોગો
નામ પ્રથમોઽધ્યાયઃ ॥ ૧ ॥

अध्याय २ जो–सांख्ययोग

સંજય ઉવાચ

પરમ કૃપા ઉર ઉપજી, એવો જે અર્જુન;
આંસુધારા વહે નેત્રે, તે પ્રત્યે બોલ્યા શ્રીકૃષ્ણ વચન. ૧

શ્રીભગવાન ઉવાચ

હે અર્જુન એ કલુષતા, કાયરપણું કહેવાયે;
નવ ઘટે તુજસરખા સુરને, એમ બોલ્યા વૈકુંઠરાયે. ૨

અર્જુન ઉવાચ

જે ભીષ્મ દ્રોણને પૂજીએ, લઇ પુષ્પ ચંદન સાર;
તેને પ્રભુ કેમ કીજીએ, નિજ બાણુ કેરા પ્રહાર. ૩
ભીષ્મ દ્રોણનો વધ કરીને, ભોગવીએ જે ભોગ;
તે રુધિરભોગથી ભિક્ષા ભલી, એ કૃત્ય ન કરવા જોગ. ૪
રાજલોભે કીજીએ, સંગ્રામ જેને માટ;
જયતણો નિશ્ચય નથી, જેમ ચાક ઉપર ઘાટ. ૫
ઘટે પોષવા પુત્ર ધૃતરાષ્ટ્રના, જે લાડ લડાવાને જોગ;

તેનો વધ કરી કેમ ઇચ્છીયે,પ્રભુ રાજસુખ ને ભોગ. ૬
કાયર સ્વભાવે દીનતા, ધરમે થયું મન મૂઢ;
હું શિષ્ય તમારો શર્ણઆવ્યો,કીજેકૃપાગરુડારૂઢ. ૭
ગુડાકેસ હૃખીકેસ પ્રત્યે, સંગ્રામ પ્રતિજ્ઞા કીધી;
રાજનું નહિ કાજ ગોવિંદ,એમ કહી મુનતા[1]લીધી. ૮

સંજય ઉવાચ

ઉભય સૈન્યમાં ખેદ પામ્યો, એવો જે અર્જુન;
અંતરજામી શ્રીકૃષ્ણ બોલ્યા, હસીને હિતવચન. ૯

શ્રીભગવાન ઉવાચ

દેહ આત્માનો વિવેક જ્યાંલગી, નથી તુજને મિત્ર;
શોક મોહ ત્યાંલગી ઉપજે,સાંભળ જ્ઞાન પવિત્ર. ૧૦
અશોચ્યનો શોચ કરવો, એ મોટું અજ્ઞાન;
તે માટે કાંઇ દેહનું, નથી પંડિતને અભિમાન. ૧૧
પરમારથ બુદ્ધિ વિચારે, નથી ભીષ્મદ્રોણનો નાશ;
સદા નિત્ય અખંડ ઇશ્વર, આત્મા સ્વયંપ્રકાશ. ૧૨
તેનો શોચ કરે છે માટે, તું મોટો મૂરખ જાણ્ય;
નિત્ય જ્ઞાનસ્વરૂપ આતમા,સદા ઉરમાં આણ્ય. ૧૩
નથી જતો નથી આવતો,જેમ છે તેમ આત્મા એક;
દેહ ટળે એ નવ ટળે,રાખ્ય રુદયે વિવેક. ૧૪

અર્જુન ઉવાચ

અર્જુન કહે સ્વામી સાંભળો,છે આત્મા નિત્ય એહ;

---

૧ મૌન

જન્મમરણ તો ખરૂં જીવને, એ મોટો સંદેહ. ૧૫

શ્રીભગવાન ઉવાચ

દેહવિષે એ રેહે છે, કુમાર જોબન જરા;
ધીર પુરુષ તો મોહ નવ પામે,તે જ્ઞાની કહીએ ખરા. ૧૬
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, સુખદુઃખ તેને જાણ્ય;
આગમાપાયી એ જાય આવે,આત્માસત્યપ્રમાણ્ય.૧૭
પુરુષર્ષભ અર્જુન તું સાંભળ,જેને ઉષ્ણશીત સમાન;
દ્વંદ સહે તે મુક્ત જાણો,પૂરણ પામ્યો જ્ઞાન. ૧૮
અવિદ્યાયુક્ત શીત ઉષ્ણાદિક, સદા નહિ નિરધાર;
આત્મા સત્ય સદાય સાચો,જેને નહિ વિકાર. ૧૯
જે આખા વિશ્વમાં રહ્યો વ્યાપી,પૂરણ સ્વયંપ્રકાશ;
ત્રિલોકમાં કોઇ નથી એવો, કરે તેનો નાશ. ૨૦
અંતવંત દેહ જાયે આવે, આત્મા અકળ અરૂપ;
શરીરી સદા સ્થિર છે, આનંદ જ્ઞાનસ્વરૂપ. ૨૧
દેહ વેધ્યે વેધાય નહિ આત્મા,દેહ મરતે તે મરે નહી;
હું મારૂં એમ મારણહારો,માને તે છે મુરખ સહી. ૨૨
ખટ વિકાર આ દેહને,છે ઉત્પત્તિ શિશુ વધ નાશ;
એમાં આત્માને એકે નહિ, આત્મા સ્વયંપ્રકાશ. ૨૩
એ આત્મા નથી જતોઆવતો,નથીનવોથતો સુણ ધીર;
એ અજપુરાંણનિત્યઅચલશાશ્વત,એતોમારેમરેશરીર.
પૃથુનંદન સાંભળ પારથ,જે હાવો આત્મા ચિત્ત ધરે;

તે પુરુષ તે કહીએ કેવો, તે કેહેને મારે મરે. ૨૫
વસ્ત્ર જીર્ણ પરહરીને,નવાં જેમ કોઈ નર ધરે;
નવાં ધરતાં અચળ આપે,પુરુષ પોતે નવ ફરે. ૨૬
શસ્ત્રે કરી છેદાય નહિ, પાવકમાંહે નવ બળે;
વાયુવડે સુકાય નહિ, ઉદકમાંહી નવ ગળે. ૨૭
અછેદ આત્મા છે અવિનાશી,સદા સનાતન જાણ;
અચળઅમરઅખંડએકરસ,સ્થિરપૂરણપ્રમાણ.૨૮
અવ્યક્ત આત્મા અચિંત્ય એવો,અવિકારી અશરીર;
તે માર્યો મરતો નથી, તેનો શોચ તજજે વીર. ૨૯
નિત્ય મરે નિત્ય અવતરે,નિત્ય ધરે સુખદુઃખ તે સહી;
તે માટે તેનો મહાબાહુ,સોચ કરવો છે નહી. ૩૦
જન્મ તેને મરણ નિશ્ચે, મરે તે નિશ્ચે અવતરે;
બ્રહ્માદિક સમર્થ નહિ,જે અવતારને મિથ્યા કરે.૩૧
આદ્ય જેહ દીસે નહિ, અંતે એહ નહિ મળે;
મધ્યે પારથ શોચ શેનો,સમજ્યાથી સંશય ટળે. ૩૨
આશ્ચર્યવત્ જુવે આત્માને, આશ્ચર્યવત્ વાણી કહે;
આશ્ચર્યવત્ સહુ સાંભળેપણ,આત્માઅણજાણ્યોરહે.૩૩
આત્મા નિત્ય અખંડ કહીયે, દેહ મારે દેહ મરે;
પરમારથ વિચાર પારથ, એનો શોચ શાને કરે. ૩૪
સ્વધર્મે સંગ્રામ કરતાં,દુઃખ ન આણીશ મન;
ક્ષત્રીનો એ ધર્મ છે, માટે આચર તું અર્જુન. ૩૫

અણઇચ્છાએ જુદ્ધ આવ્યું, ભાગ્યતણો નહિ પાર;
સંગ્રામે ક્ષત્રી મરે તો, ઉઘાડાં સ્વર્ગદ્વાર. ૩૬
ધર્મયુદ્ધ જો તું નહિ કરે તો,શિવ જીત્યાની કીર્તિ જશે;
ધર્મતજ્યે પ્રતિવાય લાગે, ઉલટું પાતીક થશે. ૩૭
સકળ લોકમાં કીર્તિ તારી, તે અપકીર્તિ બોલશે;
અપકીર્તિથી મર્ણ રૂડું, શ્રીકૃષ્ણ કહે એવું થશે. ૩૮
દુર્યોધન દુઃશાસન આદે, એવું મન માંહે જાણશે;
ભયપામીપલાયનકીધુંઅર્જુને,સૌમહારથીગર્વઆણશે.
નંદશે તુજ સામર્થ્યને ,અપવાદ શત્રુ બોલશે;
એ દુઃખથી બીજું નથી જે, પ્રતિષ્ઠા તારી જશે. ૪૦
બેહુ પ્રકારે લાભ તારે, હારે જીત્યે છે સહી;
મરશે તો સ્વર્ગ મળશે, જીત્યે ભોગવશો મહી. ૪૧
સુખદુઃખને સમાનજાણજે,લાભાલાભજયાજયએકજાણ
જુદ્ધ કરતાં નહિ પાપ લાગે, એવું ઉરમાં આણ. ૪૨
સાંખ્યયોગ મેં કહ્યો તુજને, તેથી હોય બુદ્ધિપ્રકાશ;
બુદ્ધિપ્રકાશે દેહબંધન, સઘ પામે નાશ. ૪૩
કર્મજોગ નિહકામ આચરતાં, લાગે નહિ પ્રતિવાયે;
નિરબંધન તે નીપજે ને, અનેક ભય ટળી જાયે. ૪૪
વ્યવસાયે બુદ્ધિ અનેક કહીયે, નિશ્ચેવતી બુદ્ધિ એક;
કુરુનંદન કહું તુજને, સાંખ્યયોગ વિવેક. ૪૫
પુષ્પવત્ જે વેદ વાણી, ફળ કરી ગ્રહે જેહ;

વેદ કર્મ સુખ સ્વર્ગ ઇચ્છે, મૂરખ જાણો તેહ. ૪૬
વિષય આત્મા કામ ભોગે, યજ્ઞાદિક કરે જેહ;
જન્મમરણ નહિ ટળે તેહનાં,ફરી ફરી પામે દેહ. ૪૭
અર્જુન કહે સ્વામી સાંભળો,મોહ બુદ્ધિ પામે ભર્મ;
કાંમ ક્રિયા કેમ કહી વેદે, યજ્ઞાદિક જે ધર્મ. ૪૮
અર્જુનનાં વાચક સાંભળી,એમ વદે શ્રીભગવાન;
જેનેઆસક્તિઐશ્વર્ય ભોગની,તેનેનહિસાંખ્યનું જ્ઞાન.૪૯
ત્રિગુણ વિષયા વેદ વાણી, સકામ પર સંસાર;
નિરદ્વંદ્વ તું નિસ્પૃહિ થા, યોગક્ષેમરહિત નિરધાર. ૫૦

અર્જુન ઉવાચ

અર્જુન વળતો ઉચરે, સાંભળો સુંદરશ્યામ;
ફળરહિત જે કર્મ કહીએ, તે કર્યાનું શું કામ. ૫૧

શ્રીભગવાન ઉવાચ

વાપી કૂપ તણાં જળ જે કાંઇ, સમુદ્રમાં લય થાયે;
બ્રહ્મવિદ્ જોગીના સુખ આગે,સુખસ્વર્ગનાંદુર્બળદેખાયે.
અર્જુન તું એમ કહીશ મુજને,કયમ જ્ઞાન ન પ્રેરો નાથ;
જ્ઞાન કર્મના અધિકારી,એ ભિન્ન છે સુણ ભ્રાત. ૫૩
કર્મનો અધિકાર તુજને,માટે કર્મ કર્ય તું વીર;
કર્મના અણુકરતા જે કોઇ,તેનો સંગ ન હશો ધીર. ૫૪
કર્મફળની તજે તૃષ્ણા, તેને કર્મબંધન નહી;
ફળ ઇચ્છે અવતાર ઉભા, ભમાવે ભવમાં સહી. ૫૫
વિષય સંગ તજી ઇશ્વર અર્થે, કર્મ કર તું મિત્ર;

શુભાશુભ સમાન દૃષ્ટિ, ઉત્તમ યોગ પવિત્ર. ૫૬
હે ધનંજય કર્મફળ તજી, ધર્મ કર તું ધીર;
ફળ ઇચ્છિયે અવતાર ન ટળે, ઉંચ નીચ શરીર. ૫૭
શુભાશુભ સમભાવ જેને, યોગયુક્ત જેહ;
એથી બીજું નથી સાધન, ઉત્તમ અર્જુન તેહ. ૫૮
કર્મબુદ્ધિ શુદ્ધ માનવ,ફળ ઇચ્છા જેને નહી;
જન્મમર્ણ વિમુક્ત બંધન, અભયપદ પામે સહી. ૫૯
મોહ [1]કલિલથી તરશે બુદ્ધિ,ભાંગશે ભવભ્રાંત્ય;
વૈરાગે વિખવાદ ટળશે, મનદોષ પામે શાંત્ય. ૬૦
શાસ્ત્ર સાધન સાંભળી, મન મનોરથને નવ ગ્રહે;
અગાધ ધ્રહેનાં[2] ઉદકપેરે, અચળ બુદ્ધિ થઈ રહે. ૬૧

અર્જુન ઉવાચ

સ્થિરપ્રજ્ઞ જે પુરુષ બ્રહ્મવિદ્, કેમ કરીને ઓળખાયે;
કેમ બોલે કેમ ચાલે બેસે, કહો કેશવરાયે. ૬૨

શ્રીભગવાન ઉવાચ

મનકામના વિષયવૃત્તિ, મલિનતા સહુ જાયે;
આત્મસ્વરૂપે આનંદ પામ્યો,તે સ્થિરપ્રજ્ઞ કહેવાયે. ૬૩
દુઃખવિષે ઉદ્વેગ ન પામે, સુખવિષે નહિ સ્નેહ;
વીતરાગા ભય ક્રોધા, સ્થિરપ્રજ્ઞ તો તેહ. ૬૪
શુભાશુભ નંદે નહિ, નહિ દ્વેષ ને સ્નેહ;
સદા રહે સમાન બુદ્ધિ, સ્થિરપ્રજ્ઞ તો તેહ. ૬૫

---

૧ કલિલ = કાદવ. ૨ અગાધ ધ્રહે = ઉંડા પાણીનો ધરો

વિષય થકી ઇંદ્રી સમેટે, જેમ કૂર્મ સમેટે અંગ;
સ્થિરપ્રજ્ઞ તો કહીએ તેને, એમ વદે શ્રીરંગ. ૬૬
આહાર જીત્યો તેણે સર્વ જીત્યું,જીત્યા વિષયવિકાર;
જ્યાંલગી રસના વશ નહિ, ત્યાંલગી સહુ ઉપચાર. ૬૭
કુંતીનંદન પુરુષ એવો, મન ઇંદ્રિ ઉન્મત્ત સાર;
રથ અશ્વ સારથી વશ નહિ, તો નાખે કૂપ મોઝાર. ૬૮
પદ્મ આસન પ્રાણાયમ, જીતે પ્રાણવાયુ જેહ;
મનઇંદ્રિનો સંયમ કરે, સ્થિરપ્રજ્ઞ કહીએ તેહ. ૬૯
પુરુષ વિષયનું કરે સમરણ, સમરણથી હોયે સંગ;
સંગથી મન કામ ઉપજે, કામે ક્રોધ પ્રસંગ. ૭૦
ક્રોધથી મન મોહ ઉપજે, મોહે સ્મૃતિ હોએ નાશ;
સ્મૃતિ નાશે બુદ્ધિ નાસે, બુદ્ધિનાશે નર્કનિવાસ. ૭૧
રાગદ્વેષવિમુક્તાત્મા, અનિચ્છા ભુકતે ભોગ;
મન પ્રસન્ન એહવો સંન્યાસી,સુખે પામે આતમજોગ.૭૨
પ્રસાદે સર્વ દુઃખહાનિ, પામે બુદ્ધિ વિવેક;
વિવેકબુદ્ધિ પામે આત્મા, ટળે તાપ અનેક. ૭૩
નાસ્તિક બુદ્ધિ જુક્ત જેની,શુદ્ધ ભાવ ક્યાંથી હોયે;
શુદ્ધભાવ વિના નહિ શાંતી,તેનેશાંતીવિનાસુખનહોયે.૭૪
વિષયે ચરતી ઈંદ્રિયો, મન જેણે નવ જીતાયે;
સમુદ્રમાં જેમ વહાણ વાયુ, ઉમારગે લઇ જાયે. ૭૫
મહાબાહુ ઇંદ્રિરૂપી, અશ્વ ઉન્મત્ત જેહ;

વિષય થકી જે પાછા વાળે,ધીર પુરુષ તો તેહ. ૭૬
જાંહાં નિશા સર્વ ભૂતને, તાંહાં જાગે જોગીજંન;
જાહાં જોગી નિંદ્રા કરે, તાંહાં જાગે પ્રાણી અન્ય. ૭૭
સમસ્ત નદીઓ સમુદ્રમાં ભળે, તેણે નવ ઉભરાયે;
જોગીનું મન કામનાયે, એણીપેરે ક્ષોભ ન થાયે. ૭૮
વિશેષ સ્પૃહા નહિ જે જોગીને, નિરમમતા નિરહંકાર;
દેખવા માત્ર આ દેહ વરતાવે, તે મોક્ષ પામે સાર. ૭૯
બ્રહ્મસ્થિતિ તને કહી પારથ, પામ્યો તે નવ મુઝાયે;
અંતકાળે બ્રહ્મસુખમાં, એ સહેજે આવી સમાયે. ૮૦

વલણ

અધ્યાય દ્વિતીયો થયો પૂરણ, ઉપન્યો અતિ આનંદરે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સહુ બોલો જય ગોવિંદ. ૮૧

ઇતિ શ્રીભગવદ્દ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સાંખ્યયોગનિરૂપણમ્
નામ દ્વિતીયોऽધ્યાયઃ ॥૨॥

अध्याय ३ जो—कर्मयोग

અર્જુન ઉવાચ

હે કેશવ અજ ભવના સ્વામી, કર્મ ઘોર કહેવાયે;
કેમ આપો છો મને આજ્ઞા,સત્ય કહો શ્રીજદુરાયે. ૧
મિશ્રિત વાયક સાંભળી, મન મોહ પામે ભર્મ;
નિશ્ચય કરીને કહો મુજને,જ્ઞાન સત્ય કે કર્મ. ૨

શ્રીભગવાન ઉવાચ

લોકવિષે બે નિષ્ઠા અર્જુન, પરા પુરવે ધર્મ;
સાંખ્યયોગીને જ્ઞાન શ્રેય કરે, ગૃહસ્થને સતકર્મ. ૩
સતકર્મનો આરંભ મૂકયો, ન પામ્યો નિજ જ્ઞાન;
તે સંન્યાસી સિદ્ધિ ન પામે, એમ કહે શ્રીભગવાન. ૪
ગુણ પ્રકૃતિ કર્મ કરાવે,કર્મ વિષે દેહ જાણ;
માટે શુભ કર્મ તજીયે નહિ, તું પારથ ઉરમાં આણ. ૫
કર્મ ઇંદ્રિનો કરે સંયમ, મમ સમરણ શુદ્ધ વિચાર;
જેને ઇંદ્રિવશ વંશ નહિ,તે મૂઢ મિથ્યા આચાર. ૬
પાંચ જ્ઞાન ઈંદ્રિ છઠું મન,મમ ચર્ણ રાખે જેહ;
કર્મજોગ આચરે કર્મઈંદ્રીયે, હરિરૂપ પામે તેહ. ૭
નિત્યં નિમિત્ત કર્મ આચરે,ફળ ઇચ્છા ન ધરીશ મન;
કર્મવિના નથી શરીરની સ્થિતિ,એવું જાણજે અર્જુન.૮
નારાયણપરાયણ કીજે, યજ્ઞાદિક કર્મ જેહ;
ત્રિલોકમાં નહિ બંધન તેને,મુક્ત જાણો તેહ. ૯
પૂર્વે પ્રજાને કહ્યું બ્રહ્માયે,કરજો યજ્ઞાદિક કર્મ સાર;
કામદુર્ગા તણી પેરે, મનવાંછિત ફળ દાતાર. ૧૦
દેવાદિકના જગન કરતાં, થશે પ્રસન્ન દેવ દયાળ;
ઈંદ્રાદિક જે દેવતા, કરશે પ્રજાની પ્રતિપાલ. ૧૧
ઈંદ્રાદિક સંતોષ કરતાં, ઉપજશે નહિ રોગ;
સ્રીપુત્ર પરિવાર આભ્રણ, પામશો બહુ ભોગ. ૧૨

જજ્ઞશેષ અન્ન પ્રાશન કરતાં, હોયે કિલ્બિષ હાણ;
દેવસમરપણ વિના ભરે ઉદર,પાપ ભક્ષણ જાણ. ૧૩
અન્ન થકી સર્વ ભુત ઉપજે,અન્ન પ્રજન્યથી હોયે;
પ્રજન્ય હોયે યજ્ઞકર્મે, જજ્ઞકર્મ સત્ય સોયે. ૧૪
કર્મ કારણ વિશ્વનું, વેદે કહ્યાં જે કર્મ;
વેદ ઉપજ્યા નારાયણથી,માટે વેદવચન સતધર્મ. ૧૫
એવાં કર્મ ન આચરે, નર પુરુષ કહીયે જેહ;
જીવિત નિષ્ફલ તેહનું, અને પાપરૂપી દેહ. ૧૬
ઈંદ્રી–આરાંમ ટળી થયો,સાક્ષાત આત્મારામ;
કર્મ શુભાશુભતણું તેહને,કર્યાનું શું કામ. ૧૭
કર્મ કર્યાનો નહિ અર્થ તેને, ન કર્યાનો નહિ દોષ;
ફળઆશાનમળે સ્વર્ગની,થયો પુરણ આનંદકોષ. ૧૮
કર્મથી નિવૃત્તિ પામ્યા,એવા જનકાદિક રાજંન;
લોકસંગ્રહે કર્મ કીધાં, માટે આચર તું અર્જુન. ૧૯
સતપુરુષ જે કરે આચરણ, તે આચરે સંસાર;
રૂડે મારગ ચાલતાં, સહુ સેજે પામે પાર. ૨૦
પારથ મારે નહિ પ્રયોજન, પામવા ફળ સાર;
લોક અર્થે આચરૂં, તું માનજે નિરધાર. ૨૧
જદપી હું નહિ આચરૂં, સત કર્મ ધર્મ પ્રકાશ;
લોક જેમ તેમ આચરે, પછી હોય તેનો નાશ. ૨૨
જો હું કર્મ ન આચરૂં, સઉ વર્ણસંકર થાયે;

અધર્મે પ્રજા નાશ પામે, તે પાતીક મુજ કહેવાયે. ૨૩
જ્ઞાની અજ્ઞાની મૂઢ પંડિત, એ કર્મ કરે બહુ સાર;
એક ફળ આશા કરે, એક ફળ ન ઇચ્છે લગાર. ૨૪
શ્રદ્ધા ભંગ કરે નહિ પંડિત,રુચિ ઉપજાવે મનમાંય;
મૂરખ બુદ્ધિભેદ પામે, ઉભય લોકથી જાય. ૨૫
પ્રકૃતિ ગુણ કર્મ કરાવે,સર્વસ્વ હે અર્જુન;
અહંકારી વિમૂઢ આત્મા, અહંકરતા માને મંન. ૨૬
હે મહાબાહુ તત્ત્વવેત્તા, ગુણ કર્મ જાણે વિભાગ;
ગુણે ગુણનો સ્વભાવ વરતે, જ્ઞાનીને મન ત્યાગ. ૨૭
પ્રકૃતિ માયાએ વિશ્વ મોહ્યું, એ માયાના ગુણ જેહ;
ગુણે દેહ આસકત માને, મુરખ જાણો તેહ. ૨૮
કર્મ કરે સહુ ઈશ્વર અર્પણ,જેમસેવક સ્વામીનેઅર્થ;
કર્મફળની મૂકી મમતા, ઉઠય યુદ્ધ કર્ય સમર્થ. ૨૯
મારે મતે જે ચાલે માનવ, તે શ્રદ્ધાવંત કહેવાયે;
રાગદ્વેષ રહીત જે જન,તે કર્મથી મૂકાયે. ૩૦
મારા મતની કરે અસોયા, આચરે નહિ હેત;
જ્ઞાનવાન પણ મૂઢ જાણો, અવિવેકી તે અચેત. ૩૧
પ્રકૃતિ વશ વરતી કરે ચેષ્ટા, મૂર્ખ પંડિત સાર;
નિજ સ્વભાવ મૂકે નહિ, પ્રાચીન જે સંસ્કાર. ૩૨
ઈંદ્રિયેશું ઈંદ્રિ અર્થે, રાગદ્વેષ વિકાર;
જ્ઞાનવડે વશ રાખે તેને, તે જીતે સંસાર. ૩૩

નીજધર્મ ગુણહીણા હોય તો,આચરીયે આનંદમહા;
સ્વધર્મે નિધને શ્રેય, અધર્મે તે ભયાવહા. ૩૪

અર્જુન ઉવાચ

કેહનો પ્રેર્યો પુરુષ જે કોઇ,આચરે છે પાપ;
અણઇચ્છતું બળાત્કારે, ઉપજે છે આપ. ૩૫
રજોગુણથી હોય ઉદ્દ્ભવ, કામ ને વળી ક્રોધ;
જ્ઞાની પુરુષનો મહાવેરી, કર્તા નિત્ય વિરોધ. ૩૬
ધુમ્ર અગ્નિ આવર્યો, જેમ મેલ દરપણ માન;
ગર્ભ ઉદર આવર્યો, એમ આવર્યું નિજ જ્ઞાન. ૩૭
આત્માના જ્ઞાનને, આવર્ણ કરી નિશદિન રહ્યા;
કામ ક્રોધ લોભ મત્સર, જ્ઞાનના વેરી કહ્યા. ૩૮
કામરૂપી શત્રુને, કહું રહ્યાનો એક ઠામ;
મનબુદ્ધિ ઉભય ઇંદ્રી, તાંહાં રહે ક્રોધને કામ. ૩૯
જ્ઞાન ને વિજ્ઞાનનો, જે નાશનો કરનાર;
કામરૂપી દુષ્ટ પાપી, એ શત્રુને મારય. ૪૦
મહાબાહુ જીત્ય વેગે, શત્રુ કામ ને ક્રોધ;
નિયમમાંહી રાખ્ય નિત્યે, કરી મનનો રોધ. ૪૧

વલણ

અધ્યાય તૃતિયો થયો પૂરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી,સૌ બોલો જય ગોવિંદ રે. ૪૨

ઇતિ શ્રીભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે, શ્રીકૃષ્ણાર્જુન સંવાદે કર્મયોગનિરૂપણમ્ નામ તૃતીયોઽધ્યાયઃ ॥૩॥

अध्याय ४ थो–कर्मब्रह्मार्पणयोग

श्रीभगवान उवाच

કર્મયોગ કહ્યો અર્જુન તુજને,તે મેં પૂર્વે સુરજને કહ્યો
સુરજથી વૈવસ્ત મનુ, તે મનુથી ઇક્ષ્વાકુયે લહ્યો. ૧
એવો કર્મયોગ જે પરંપરા, માટે રાજઋષિએ ગ્રહ્યો;
ઘણા કાળે નાશ પામ્યો, તે મેં તુજ આગે કહ્યો. ૨
હે અર્જુન એ સૃષ્ટિ આદ્યે, કર્મજોગ નથી નવો;
ભકત વલ્લભ સખા જાણી,ગુપ્ત રહસ્ય મેં વર્ણવ્યો. ૩

અર્જુન ઉવાચ

દેવકીગૃહે જન્મ તમારો, હવડાં તે પ્રકાશ;
સૂરજ છે બહુ કાળનો, કહો કેમ આવે વિશ્વાસ. ૪

શ્રીભગવાન ઉવાચ

મારા જન્મ છે ઘણા અર્જુન, તારા જન્મ અપાર;
તારી તુજને ગમ નહિ, હું જાણું સર્વ વિચાર. ૫
હુંસર્વાત્માસર્વભૂતનોસ્વામી,અજઅવ્યયઅવિનાશ;
હું માયાયે અવતાર ધરૂં, જ્ઞાનશક્તિ ન પામે નાશ. ૬
હે પારથ હોય ધર્મગ્લાનિ, અધર્મ હોય જે વાર;
તે ધર્મની રક્ષાને અર્થે, હું ધરૂં અવતાર. ૭
પરમ સાધુની કરૂં રક્ષા, કરૂં દુષ્ટનો સંહાર;
ધર્મસ્થાપન અર્થે જુગ જુગ,ધરૂં હું અવતાર. ૮
જન્મ કર્મ જે પવિત્ર મારાં, જાણે તત્ત્વવેત્તા સાર;

દિવ્ય ચૈતન્ય દેહ ધરી, હું આવું વારંવાર. ૯
ભય ક્રોધ વીતરાગ જે જન, ઉપાસના તદરૂપ;
જ્ઞાન તપ મુજ અર્થે આચરે,તે પામે મારૂં સ્વરૂપ.૧૦
જે ભાવે મને ભજે અર્જુન, તેને તેવું ફળ આપું;
મારા મારગને અનુસરે, હું તેનાં બંધન કાપું. ૧૧
કર્મે કરી લોક સિદ્ધિ વાંછે, જે જે ઇંદ્રાદિક દેવ;
તેને તેવી સિદ્ધિ હોયે, ઉતાવળી તત્ખેવ. ૧૨
ચતુરવર્ણ સૃષ્ટિ ઉપજાવી, ગુણકર્મ અનુસાર;
હું અવ્યય અકર્તા ઇશ્વર, તે ન જાણે સંસાર. ૧૩
કર્મે કરી લેપાઉં નહિ, નહિ ફળ ઇચ્છાય;
એવો મુજને જાણે જે કોઇ,જાણનારો નવ બંધાય.૧૪
પુરવે જ્ઞાતા કર્મ કરતા, ફળ તજી કરે કર્મ;
કર્મે કરી બંધાય નહિ, તે સુખે પામે પરબ્રહ્મ. ૧૫

અર્જુન ઉવાચ

કર્મ અકર્મ કહો સ્વામી,જ્યાં કવિ પંડિત મોહિત સદા;
જે કર્મને આચરીને જ્ઞાતા, મોક્ષ પામે મુદા. ૧૬

શ્રીભગવાન ઉવાચ

કર્મ અકર્મ કહું વિકર્મ જો,સમઝાયે તારી વતી;
અગમ છે કોને ગમ નહિ, મહા કર્મણો ગહના ગતિ.૧૭
ફળ ઇચ્છા શુભ આચરે, તે કર્મ કહીયે સાર;
કર્મનું ફળ તજે અકર્મ, વિકર્મ શાસ્ત્ર તિરસ્કાર. ૧૮

કામ કલ્પના જે જે કહીએ, તેનો સૌ આરંભ તજે;
જ્ઞાન અગ્નિ દગ્ધકર્મ, તે પંડિત મુજને ભજે. ૧૯
તજે ફળ સૌ કર્મ કેરું, નીરાશ્રે તે ત્રપત ઘણું;
અકર્ત્તા કર્મ આચરે, કાંઇ નહિ કિંચિત કર્તાપણું. ૨૦
નિરાશા ચિત્ત જીત આત્મા, તજે તે સૌ પરિગ્રહે;
શરીર કેવલ કર્મ, કર્મ કિલવિષ નવ રહે. ૨૧
જથા લાભ સંતોષ મન રહે, નહિ મોહ મચ્છર દ્વંદ્વ તે;
શુભાશુભ સમાન દૃષ્ટિ, કરતા કર્મ ન બંધ તે. ૨૨
ગયો દ્વંદ્વ થયો મુક્ત, આપે જ્ઞાન અવસ્થા ચેતન;
જદપિ તેને આચરે પણ, નહિ કર્મ ન બંધન. ૨૩
બ્રહ્મ હુત દ્રવ્ય બ્રહ્મ અગ્નિ, બ્રહ્મ હોમ કરનાર;
બ્રહ્મકર્મ એ જજ્ઞ કરતા, બ્રહ્મરૂપ નિરધાર. ૨૪
શ્રોત્રાદિક એ સમસ્ત ઈંદ્રિ, શબ્દાદિ વિષય જેહ;
સંયમ અગ્નિમાંહે હોમે, જોગી કહીએ તેહ. ૨૫
સર્વ ઈંદ્રિ વિષયવર્તિ, તેનાં કર્મ કાંહી;
પ્રાણ વાયુ સહિત બાળે, જોગ અગ્નિમાંહી. ૨૬
દ્રવ્યજજ્ઞ જે તપોજજ્ઞ, જોગજજ્ઞ કહેવાયે;
સ્વાધ્યાયજ્ઞાનજજ્ઞ, શિરોમણીમહાપુરુષ એમ ગાયે. ૨૭
અપાનમાંહી પ્રાણ મુકે, પ્રાણમાંહી અપાન;
પ્રાણ અપાનની ગતિ રૂંધે, તે પ્રાણાયમ નિજધાન. ૨૮
કેટલા જોગી સંન્યાસી, અલ્પ કરવા આહાર;

પ્રાણવાયુ હોમ અર્થે, પાપના હરનાર. ૨૯
જજ્ઞશેષ ભોજન અમૃત, આરોગે જે જન;
બ્રહ્મ સંતાનનાં સુખ પામે, પડે નહિ પ્રેતન. ૩૦
એવા જજ્ઞ અનેક બહુધા,બ્રાહ્મણે મુખ ઉચર્યા;
કર્મ જાણી જ્ઞાન અર્થે, બ્રહ્માએ પ્રગટ કર્યા. ૩૧
દ્રવ્યજજ્ઞ જે કહ્યા સર્વે, જ્ઞાનજજ્ઞ ઉત્તમ અતિ;
અખિલ કર્મ સમસ્ત કહીયે,જ્ઞાનજજ્ઞ સમાપ્તિ. ૩૨
પ્રણિપાત કરી પ્રશ્ન પૂછો, જ્ઞાનીને સર્વે સહી;
જ્ઞાનનો ઉપદેશ આપે, બંધન કોઈ રહે નહિ. ૩૩
જ્ઞાનવિનામનમોહપામેપાંડવ,હમણાંતુંમોહપામ્યો સહી;
જ્ઞાન આવે મોહ ટળશે, તહાં સંશય કરવો નહિ. ૩૪
જો આજ્ઞા અમારી નહિ કરે તો,તું અધિક પાપી થાશે;
જ્ઞાનનૌકા બેસતાં, ભવસાગર તરીને જાશે. ૩૫
જેમ અગ્નિ બાળે કાષ્ઠને, જો એક કણિકા હોયે;
જ્ઞાન અગ્નિ કર્મને, બાળી ભસ્મ કરશે સોયે, ૩૬
નથી પવિત્ર કાંઈ જ્ઞાનથી,જેણે પાપી પાવન હોયે;
કર્મ જોગ કર્યા વિના, શુદ્ધ જ્ઞાન ન આવે સોયે. ૩૭
શ્રદ્ધાવંત તે જ્ઞાન પામે, જ્ઞાને હોયે મન શાંત;
શાંતી પામે પરમ પદની, રખે રાખે ભ્રાંત. ૩૮
આત્મજ્ઞાન શ્રદ્ધાવિના, સંશયે આત્મા વિનશ્યતિ;
આ લોક પ્રલોક માંહી, તેને સુખ ન મળે રતિ, ૩૯

જોગ અભ્યાસે કર્મ ટાળ્યાં, થયું શુદ્ધ શરીર;
આત્મજ્ઞાને સંશય ન રહે, શુણ ધનંજય વીર. ૪૦
અજ્ઞાનથી ઉપજ્યો જે સંશય, તે જ્ઞાનખડગે છેદાય;
તે જ્ઞાનને પામ્યા તણો, કર્ય કર્મજોગ ઉપાય. ૪૧

વલણ

અધ્યાય ચતુર્થ થયો પુરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી,સૌ બોલો જય ગોવિંદ રે. ૪૨

ઇતિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મબ્રહ્માર્પણનિરૂપણં
નામ ચતુર્થો અધ્યાયઃ ॥ ૪ ॥

अध्याय ५ मो–कर्मसंन्यासयोग

અર્જુન ઉવાચ

સંન્યાસં કર્મણો કૃષ્ન,તમે બેહુ બતાવ્યા પંથ;
એ માંહેથી એક કહો નિશ્ચેકરી,હું પૂછું કમળાકંથ. ૧

શ્રીભગવાન ઉવાચ

કર્મજોગ સંન્યાસ કહીએ, એ બેઉ સત્યે જાણ;
કર્મજોગ વિશેષ્ય મારગ, આચરતાં કલ્યાણ. ૨
કર્મજોગી તે સંન્યાસી,નહિ બને ઇચ્છાય;
દ્વંદ્વરહિત મહાબાહુ, સુખદુઃખથી મૂકાય. ૩
સાંખ્યયોગ ભિન્ન જાણે અજ્ઞાની,પ્રથક પંડિત નવ કહે;

ઉભયનું ફળ એક જાણે, જથારથ જ્ઞાની લહે. ૪
સાંખ્યજોગી જે પદને પામે,કર્મજોગી પામે પદ તેહ;
સાંખ્યજોગ કર્મજોગ એક છે, તેમાં નહિ સંદેહ. ૫
તે સંન્યાસી મહાબાહુ, જેને સુખદુઃખ છે નહિ;
જોગજુકતો શુદ્ધ આત્મા, બ્રહ્મપદ પામે સહી. ૬
કર્મજોગ કરી શુદ્ધ આત્મા, જેણે જીત્યાં ઇંદ્રિ દેહ;
સર્વ ભૂત સમાન જાણે, કર્મે લેપાય નહિ તેહ. ૭
કરતાપણું જેને કિંચિત, તેનો કહું સંક્ષેપ;
તે સાંભળે કરે સ્પર્શ નિર્ષણ, રસના ગ્રહ નિર્લેપ.૮
બોલે ચાલે કરે આઘ્રણ,નિમિખ ન તજે વિચાર;
ઈંદ્રયો ઈંદ્રિયાર્થ કારજ, હું ન્યારો નિરધાર. ૯
બ્રહ્મવિષે જે મન રાખે, કર્મ ફળ ત્યાગે સહી;
પદ્મપત્ર અભેદ જળમાં,એમ પાપ તે સ્પરસે નહિ. ૧૦
કાયા મનસા બુધ્ય ઈંદ્રિ, કર્મ જે કાંઇ ઉપજે;
આપ અકર્તા રહે જોગી, કર્મના ફળને તજે. ૧૧
* જુક્ત જે તજે કર્મફળને, શાંત આત્મા કહેવાય;
× અજુક્ત ફળની આશા રાખે, તે કર્મે બંધાય. ૧૨
કર્મફળ ત્યાગી સંન્યાસી, ઉપાસી જે બ્રહ્મનો;
નવછિદ્રયુકત દેહે, અણકરતા એ કરમનો. ૧૩
હું ઇશ્વર પરમારથ બુધ્યે,કર્મફળને નવ ગ્રહું;

---

*જુક્ત=યોગયુક્ત યોગી ×અજુક્ત=યોગમાં નહિ જોડાયલો–અયોગી

મારી માયા સરજે લોકને, હું અકર્તા આપે રહું. ૧૪
ઇશ્વર કોને પુન્ય ન પ્રેરે, પાપ આપે નહિ કદા;
જીવ આપઆપનીઅવિદ્યાએ,પાપ કરતા રહે સદા. ૧૫
અજ્ઞાને કરી મોહ ઉપજે, મોહથકી સંસાર;
આદિતવત્ જ્યારે જ્ઞાન પ્રગટે,સર્વ હરે અંધકાર. ૧૬
પરબ્રંહ્માવિષે રહી બુદ્ધિ જેની, આત્મવત્ મુનિ જેહ;
જ્ઞાને કરી જેનાં ધોયાં કિલમષ, હરિપદ પામે તેહ. ૧૭
વિદ્યાસંપન્ન સર્વગુણમે, બ્રાહ્મણે ગવ હસ્તીને;
સૂની ચૈવ સુપાકેચ, પંડિતા સમદર્શને. ૧૮
નિરદોષી મન થયું નિશ્ચળ, સર્વ ભૂત સમાન;
જીવ જાતિમાં સફળ જીવક, જાણો તેહનું નિદાન. ૧૯
રૂડું પામે હર્ષ ન હોયે, કુડે શોક ન થાય;
બ્રહ્મવિદ્ તે જાણો તેહને, સ્થિર બુદ્ધિ કહેવાય. ૨૦
બાહ્ય સ્પર્શ વિષય કહાવે, તે ન ધરે સ્નેહ;
જોગજુકત બ્રહ્મ અખંડ આનંદ, સદા મુકત તેહ. ૨૧
વિષયસુખ ભોગ ઈંદ્રીયોના, અનર્થ મૂળ દુઃખરૂપ;
તેમાં પંડિત નવ રમે, જે સદા બ્રહ્મસ્વરૂપ. ૨૨
હે પારથ સંસારબંધન, તેથી મુક્ત જે કહેવાયે;
કામ ક્રોધ દુઃખ વેગે સહેતો,સુખી નર સ્થિર થાયે. ૨૩
આત્મસીધી પરમ સુખ પામ્યો,વિષયસુખ છાંડયાંસહી;
અંતઃકરણ આનંદ રમતો,બ્રહ્મપદ પોતે લહી. ૨૪

બ્રહ્મપદ નિર્વાણ પામે, પાપ સહુ પરલાયે;
સર્વભૂતહિત આચરે, તે આત્મરત કહેવાયે. ૨૫
કામ ક્રોધ વિમુક્ત આત્મા,જતી તેને જાણ;
અભય સુખને ભોગવે, ભજે બ્રહ્મપદ નિર્વાણ. ૨૬
બાહ્ય વિષય તજે સ્પર્શ, ચક્ષુ ભ્રુમધ્ય મન;
પ્રાણ અપાન સમા રાખે,નાસિકાપર ધ્યાન. ૨૭
જીતેંઇંદ્રિ મનોબુદ્ધિ, મુનિ મોક્ષ પરાયણ;
વિગત ઈચ્છા ભય ક્રોધ; જીવનમુક્ત જાણય. ૨૮
જજ્ઞ તપનો ભોકતા ઇશ્વર, મને જાણે જેહ;
સર્વ ભૂતનો સહોદર, નિજ જ્ઞાની કહીએ તેહ. ૨૯

વલણ

અધ્યાય પાંચમો થયો પૂરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે. ૩૦

ઇતિ શ્રીભગવદ્ગીતા સૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે કર્મસંન્યાસયોગનિરૂપણં નામ પંચમો અધ્યાયઃ ॥૫॥

अध्याय ६ ठ्ठो—आत्मसंयमयोग

શ્રીભગવાન ઉવાચ

અનાશ્રીત ફળ કર્મ આચરે, તજે દેહ અભિમાન;
તે સંન્યાસી તે જોગી જાણો, એમ વદે શ્રીભગવાન.૧

કર્મયોગી ને સંન્યાસી,તેને એક પ્રમાણ્ય;
કર્મફળનો તજે સંકલ્પ,માટે સંન્યાસી તે જાણ્ય. ૨
જોગને વંછતો જે મુનિ,તેને કર્મ કારણ ઉચ્યતે;
જોગારૂઢ થયો જદા તવ, કર્મ શુભાશુભ મુચ્યતે. ૩
ઇંદ્રિયોના વિષય છાંડયા, જેને નહિ વૃદ્ધિ ને હાણ્ય;
આ લોકભોગની ટળી ઇચ્છા, જોગારૂઢ તે જાણ્ય. ૪
આત્માનો ઉદ્ધાર કરવો, ઉત્તમ આત્મા સોયે;
આપોપાનો બંધુ આત્મા,* આપોપે રિપુ હોયે. ૫
બંધુ આત્મા તેને કહીએ, જે તારે ભવ સંસાર;
શત્રુ આત્મા તેને જાણો, જે નાખે નરક મોઝાર. ૬
જીતાત્મા પ્રશાંત કહીએ, જેને પ્રિય ભગવાન;
શીત ઉષ્ણ સમાન જેને, રહિત માન અપમાન. ૭
જ્ઞાન વિજ્ઞાંને ત્રપ્ત આત્મા, સમસ્ત ઇંદ્રીજીત;
લોષ્ટ હેમ સમાન જાંણે, તે જોગીની રીત. ૮
શત્રુ મિત્ર સમાંન બુદ્ધિ, પાપી પુણ્યવંત જેહ;
સહુવિષે બ્રહ્મ ભાવના, સિદ્ધ જોગી જાણો તેહ. ૯
એકાકી રહે સંગવર્જીત, વશ અંતઃકરણ નિજ દેહ;
ટળી તૃષ્ણા નહિ પરિગ્રહ, રેહે સજોગ તેહ. ૧૦
શુચિ દેશે કરે પ્રતિષ્ઠા, સ્થિર આસન સમુચિત કરે;

*અહિં આત્મા એટલે મન સમજવું.

નહિ નીચું નહિ ઉંચું,મૃગચર્મ કુશ પાથરે. ૧૧
તે આસને મન કરે એકાગ્ર, જીતે ઇંદ્રિવિકાર;
વિષયથી મન વાળે પાછું,શુદ્ધ જોગી તે સાર. ૧૨
સમ કાયા શીશ ગ્રીવા, અચળ સ્થિર થાવું સહી;
નાસાગ્રે પર દૃષ્ટિ રાખે, દિશ વિદિશ જોવું નહી. ૧૩
પ્રસન્નઆત્મા શાન્ત ચિત્ત, બ્રહ્મચર્ય વ્રત ધારે;
મન સંયમ નિજ ધ્યાન મતપર×,તજે દેહ વેપાર. ૧૪
જ્યમ જ્યમ જોગી જીતે મનને,તેમ તેમ ટળે ઉપાધિ;
ધ્યાંન અવસ્થા હોયે પૂરણ, પામે મોક્ષ સમાધિ. ૧૫
જોગાભ્યાસી ઘણો આહાર કરે નહિ, ભુખે જોગ ન થાય;
નિશંક થઈ નિદ્રા ન કરે,જાગ્રત જોગ વિહાય. ૧૬
જુક્તે આહાર વેપાર જુક્તે, જુક્તે ચેષ્ટા કર્મ;
જુક્તે નિંદ્રા જુક્તે જાગ્રત,તે પામે પરબ્રહ્મ. ૧૭
વિષયથી ચિત્ત રહ્યું ભમતું, આત્મનિષ્ઠા થાય;
આ લોકભોગની ટળી આશા,તે યોગયુક્ત કહેવાય.૧૮
જથા દીપ નિવાત+ થાનક, અચળ જોતી જ્વાળ;
એમ જોગીનું ચિત્ત સ્થીર થાયે,ડોલે નહિ કો કાળ.૧૯
આસન પ્રાણાયમ થયું, સ્થિર ચિત્ત થયા માયાફંદ;
આત્મસ્વરૂપને સેવતાં,તે પાંમ્યો પરમાનંદ. ૨૦
આત્મસુખની નહિ આવધિ, અકળ ઇંદ્રિયાતીત;

×મતપર મારે પરાયણ—બ્રહ્મપરાયણ +નિવાત=વાયુરહિત

વાણીવડે વર્ણવાય નહિ, જેને પુરણ આતમપ્રીત. ૨૧
પરમ લાભને પામ્યો જે કોઇ, તે અધિક ન માને આંન્ય;
દુઃખવડે ડોલે નહિ,જેને આવ્યું આત્મજ્ઞાંન. ૨૨
તજી પ્રમાદને પ્રેમે કરવો,જોગનો અભ્યાસ;
અભ્યાસે સુખ અખંડ ઉપજે,સમસ્ત દુઃખનો નાશ.૨૩
તજે સર્વે કામ કલ્પના, ઉપજે સુખ સત્ત્વ;
મન ઇંદ્રિને રાખે નિયમે, તે ચાખે રસ તત્ત્વ. ૨૪
નેહે સ્નેહે રમે રૂપમાંહિ, ધરે ધીરજ ધ્યાન;
આત્મસબંધી કરે મન ને, તજે ચિંતવન આન. ૨૫
ચંચળ મન જે અસ્થિર એવું, જ્યાં જ્યાં વહીને જાય;
પદારથથી પાછું વાળી, રાખે આત્મા માંય. ૨૬
એવો જોગી અનંત સુખ પ્રીતિ, શાંત આત્મા સ્વેવશ;
ગયો રજોગુણ થયો નિર્મળ, બ્રહ્મભૂતો નિકલ્મષ. ૨૭
સંસારથી જે પામ્યો નિવૃત્તિ જીવાત્મા જીત્યો સહી;
તેના સુખને તેહ જાણે, કહ્યામાંહી આવે નહી. ૨૮
સર્વભૂત દેખે આત્મામાં, આત્માવિષે સૌ કોય;
જોગજુક્ત એવો જોગી, સમદર્શી તે હોય. ૨૯
હરિમાંહી જગત્ દેખે,જગત્માં દેખે હરિ;
તેથી હું નથી વેગળો, તું માનજે સાચું કરી. ૩૦
અભેદ દ્રષ્ટે દેખે મુજને, ભેદબુદ્ધિ સહુ તજે;
વિશ્વમાંહી રહ્યો વ્યાપી, તે વાસુદેવ જાણી ભજે. ૩૧

જે આપણને સુખ ઉપજે, તે સુખ સૌને ઉપજાવે;
ઉત્તમ જોગી એવા અર્જુન, તે મુજને ઘણું ભાવે. ૩૨

અર્જુન ઉવાચ

એવા જોગ જે તમે કહ્યો કૃષ્ણ, મન જીત્યાનો ઉપાય;
ચંચળ મન મહા દુર્ગ છે, તે કહો કેમ થીર થાય. ૩૩
ચંચળ મન હે કૃષ્ણ સ્વામી, કહો કેમ વશ થાયે;
સ્વારથી બલવાન દુર્જય, જો વાયુને દંડ દેવાયે. ૩૪

શ્રીભગવાન ઉવાચ

એમાં સંશય નહિ અર્જુન, એહવું મન કહેવાયે;
વૈરાગ જો ઉર ઉપજે તો, અભ્યાસે વશ થાયે. ૩૫
વૈરાગે મન વશ કર્યું, તેનો ટળ્યો ભવરોગ;
જેણે મન જીત્યું નહિ, ભાઇ તેને દુર્લભ જોગ. ૩૬

અર્જુન ઉવાચ

ભલી શ્રદ્ધા હુતી જોગની, અધવચ પામ્યો મર્ણ;
એવો કાચો જોગી કયાં ગયો, તમે કહો અશરણશર્ણ. ૩૭
જેનું ચિત્ત બહુ ભ્રાંતી પામ્યું, મોહવશ જહુરાયે;
નહિ પ્રાપ્ત જોગ સિદ્ધિ, એવો જોગી તે કયાં જાયે. ૩૮
પૂરો જોગ પામ્યો નહિ, ને જોગભ્રષ્ટ જે જંન;
ઉભે લોકથી કયાં ગયો, તમે તે કહો સ્વામિન. ૩૯
એ સંશયં મને ઉપન્યો, સાંભળો સ્વામી સત્ય;
તમ વીણ કોણ કરે કૃષ્ણ, સંશયની નિવૃત્ય. ૪૦

શ્રીભગવાન ઉવાચ

જોગભ્રષ્ટનો નાશ ન હોયે, શુભકર્મનો કરનાર;
દુર્ગતિ તે કેમે ન પામે, અને જન્મ પામે સાર. ૪૧
શુચી ગ્રહ શ્રીમંતનું, જોગભ્રષ્ટ ત્યાં જાયે;
અથવા કુળ જોગીતણું, મહાબુદ્ધિવંત તે થાયે. ૪૨
જોગેશ્વરકુળ જન્મ પામે, ઉત્તમ તે અવતાર;
દુર્લભ લોકમાં જાણ્ય તેહને, બ્રહ્મવિદ નિરધાર. ૪૩
જત્ર બુદ્ધિ જોગની, જે આચરતો નિરધાર;
દેહ ધરી તે લઈ ઉઠે, પૂર્વના સંસ્કાર. ૪૪
પૂર્વ અભ્યાસી જોગનો જે, જોગ ન જાણે સહી;
પાપી પુણ્યવંત આપણા,સંસ્કારને ભૂલે નહિ. ૪૫
જત્ને જોગી પાપ ટાળે, ઉપજે તત્ત્વવિચાર;
અનેક જન્મને સંસ્કારે, જોગી પામે પાર. ૪૬
તપસીથી તે અધિકો જોગી, જ્ઞાનીથી અધિકો માન;
કર્મિષ્ઠથી તે અધિકો જોગી, તું જોગી થા અર્જુન.૪૭
જોગીથી મમ ભક્ત અધિકો, જેને તે મારું ધ્યાન;
સેવા સમરણ શ્રદ્ધા જુક્તે, નહિ ચિંતવન આન. ૪૮

વલણ

અધ્યાય ષટમો થયો પૂરણ, ઉપન્યો અતિ આનંદરે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સઉ બોલો જે ગોવિંદરે. ૪૯

ઇતિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે આત્મસંયમયોગો નામ ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥

अध्याय ७ मो—ज्ञानविज्ञानयोग

श्रीभगवान ઉવાચ

મુજ આસક્ત મન જેનું પારથ, તેને તું જોગી જાણ્ય;
ઇહાં સંશય નથી કરવો, એમ કહે સારંગપાણ્ય. ૧
વિજ્ઞાનજુકત જે જ્ઞાન કહીયે, તે તું સાંભળ મિત્ર;
જે જાણ્યા પછી કાંયે નથી જાણવું, એવું પરમપવિત્ર. ૨
મનુષ્યાણું મલે સહસ્રં, તેમાં તે સિદ્ધ કોયે;
એવા સિદ્ધ અનંત કોટી, તેમાં તત્ત્વવિદ એક હોયે. ૩
અવની ઉદક અનલ વાયુ, ગગન કહીએ સાર;
મન બુદ્ધિ અહંકાર એ છે, પ્રકૃતિ અષ્ટ પ્રકાર. ૪
અપર માયા જીવ પ્રકૃતિ, બંધન રૂપા જેહ;
જક્ત સમસ્તને ધરી રહી છે, જાણી લેવી તેહ. ૫
સર્વ ભૂતને પ્રસવનારી, પ્રકૃતિ પુરુષ કહેવાય;
ચારખાણુ ઉદ્ભવ પ્રલે, હું થકી સૌ થાય. ૬
મુજવિના કાંઇ નથી બીજું, પારથ એ વરતાંત;
મારા વિષે સૌ જકત પ્રોયું, સૂત્રમણિ દ્રષ્ટાંત. ૭
ઉદક રસ સસી સુરજ કાંતિ, પ્રણુવ વેદ વિચાર;
શબ્દ નભમાં ઉધમ નરમાં, જાંણુ મને નિરધાર. ૮
પૃથ્વીમાં પુનિ ગંધ કહીયે, તેજસ્વીમાં તેજ;
જીવન સર્વે ભૂતનું, તપસીનું તપ એજ. ૯

સર્વ ભૂતનું બીજ હું છું, બુદ્ધિમાં બુદ્ધિવંત;
રૂપાળામાં રૂપ માહરૂં, તે તું જાણ્ય સિદ્ધાંત. ૧૦
બળીયાનું બળ જાણ મુજને, વર્જિત કામ ને રાગ;
અવિરોધ ધર્મ વિષે ભૂતને,અભિલાષ હું બડભાગ. ૧૧
સાત્વિક ભાવ છે કેટલા,રાજસ તાંમસ હોયે;
એ સર્વ ગુણ વશ માહરે,પણ હું કોને વશ ન્હોયે. ૧૨
ત્રિગુણ ભાવ વશ જીવ છે, મોહિત રાગ ને દ્વેષ;
હું અવ્યય અવિનાશ છું, તેને જાણે નહિ લેશ. ૧૩
દૈવી જે સગુણમયી, મમ માયા દુર્જય જેહ;
ચર્ણ સર્ણ રહે માહરે, માયા તરંતી તેહ. ૧૪
અધમ મૂઢ નર દુકૃતિ, જેનું હર્યું માયાએ જ્ઞાન;
અસુર ભાવ રહ્યા આશ્રીને,એમ કહે શ્રીભગવાન. ૧૫
ભક્ત ચતુરવિધ મને ભજે, સુકૃતવાન જે જંન;
આર્તજિજ્ઞાસુ અરથાર્થી,ને જ્ઞાની અંર્જુન. ૧૬
નિત્યયુકત જે જ્ઞાની નર, ભક્તિ ભાવ વિશેષ;
તે જ્ઞાની પ્રિય હું પ્રિય જ્ઞાનીને,તું માન સત્ત ઉપદેશ.૧૭
ત્રિવિધ ભક્ત તે ભજે ભલા, સર્વ ઉદાર એમ જાણ્ય;
મુજને વલ્લભ આત્મા, જ્ઞાની અધિક પ્રમાણ્ય. ૧૮
અનેક જન્મને સુકૃતે, જ્ઞાનપ્રાપ્તિ હોયે;
વાસુદેવ જાણી મુજને ભજે, તે સરખો નહિ કોયે. ૧૯
પ્રકૃતિ સ્વભાવ ને કામના,તેણે હર્યું જે જ્ઞાંન;

કરે વ્રથા ભોગની વાંછના,તેણે દેવ ઉપાસે આન. ૨૦
જે જે દેવનો ભક્ત હોયે,તેની શ્રદ્ધા ન કરવી ભંગ;
જેને જેવી ભાવના, તેને તેવો પ્રેરૂં રંગ. ૨૧
શ્રદ્ધાયુક્ત ભાવે ભજે, અન્ય દેવને જેહ;
પછે માહરા નિમાયા ભોગની, હોયે પ્રાપ્તિ તેહ. ૨૨
અંતવંતં ફલ તેહનું, નાશવંત કહેવાય;
મુને ભજે તે પામે મુજને, ભજે દેવ દેવને જાય. ૨૩
હું અવ્યક્તને વ્યક્ત કરી કહે, લહે ન મારૂં સ્વરૂપ;
જાણે નહિ મમ ભાવને,હું અવ્યય અકળ અનુપ.૨૪
હું પ્રકાસીક સર્વનો, લહે ન લોક અજાણ;
જોગમાયાએ આવર્યાં, શું પ્રીછે પુરુષ પુરાણ. ૨૫
બ્રહ્મા આદે કીટનું, હું જાણું વર્તમાન;
ભૂત ભવિષ્ય જાણું સહુ,મને લહે ન લોક અજ્ઞાન. ૨૬
ઇચ્છા દ્વષ મોહિત સહુ, દ્વંદ્વ મોહ અર્જુન;
સર્વ ભૂત મોહિત હવા, દષ્ટ પદારથ અંન્ય. ૨૭
ગયાં પાપ જે પુરુષનાં, થયો દ્વંદ્વ મોહથી મુક્ત;
તે મુને સેવે દૃઢ ભાવશું, તે મારો નિજ ભક્ત. ૨૮
જરામરણથી મોક્ષ પામે, મમ આશરે રહે જન જેહ;
બ્રહ્મ સમગ્રે રૂપ માહારૂં,લહે અધ્યાતમ તેહ. ૨૯
દેવજજ્ઞમાં નવ જજ્ઞ, સર્વ જજ્ઞ ભોક્તા હું સાર;
પ્રયાણકાલે મમ ભક્તને,હું ચિત્ત આવું નિરધાર. ૩૦

વલણ

અધ્યાય સપ્તમો થયો પૂર્ણ,પ્રગટયો પરમ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે. ૩૧

ઇતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનયોગનિરૂપણં
નામ સપ્તમોઽધ્યાયઃ ॥૭॥

अध्याय ८ मो–अक्षरब्रह्मयोग

અર્જુન ઉવાચ

કેમ બ્રહ્મ કેમ આત્મા, કેમ કર્મ પુરુષોત્તમ;
અધિભૂત કેમ કહો કૃષ્ણ, અધિદૈવ કહો ઉત્તમ. ૧
અધિયજ્ઞ કોણ દેહમાંહી, તે કહો મધુસૂદન;
પ્રયાણકાલે કયમ કરવું, તે કહો જગવંદન. ૨

શ્રીભગવાન ઉવાચ

અક્ષર એ પરબ્રહ્મ,સુભાવ અધ્યાતમ ઉચ્ચ તે;
ભૂત ભાવો જન્મ મૃત્યુ, કર્મ બંધનમુચ્યતે. ૩
અધિભૂતો ક્ષરો ભાવો, અધિદૈવ પુરુષ પુરાણ;
દેહ દેહ માંહી રહ્યો ભોક્તા, અધિજજ્ઞ પુરાણ. ૪
અંતકાળ મમ સ્મરણ કરતાં, તજે કલેવર જેહ;
પરમ ધામ તે પામે માહરૂં, એમાં ન મળે સંદેહ. ૫
મોર મુગટ મુકરાકૃત કુંડળ,પીતાંબર વનમાલ;

શંખ ચક્ર ગદા પરમ ધરીયાં,એ ચીતવે રૂપરસાલ. ૬
મર્ણકાળે જેહ્યું સમરણ, તેવું પામે તેહ;
માટે કુંતીનંદન કર્ય તું, સદા મુજશું સ્નેહ. ૭
તે માટે સ્મરણ કરે, સદા કાળ ચીત શુદ્ધ;
મન બુદ્ધિ મને અરપીને, તજ સંશય કર્ય યુદ્ધ. ૮
જોગજુક્ત અભ્યાસ કર્ય, વિષયથી વારે મંન;
પરમ પુરુષ દીવ્ય રૂપનું, કર્ય તું સદા ચિંતન. ૯
સર્વજ્ઞ જૂનો સદા, સુક્ષ્મ સર્વાવાસ;
અચિંત રૂપ દ્રષ્ટા હરિ,સુરજ કોટી પ્રકાસ. ૧૦
મરણકાળે મન નવ ચળે, ભક્તિજુક્ત બળજોગ;
મધ્યે પ્રાણ આવેશ કરી,પરમ પુરુષ સંજોગ. ૧૧
અક્ષર જ્ઞાન જેને વેદનું, રાગાદિક વિરક્ત;
તે પામે મમ રૂપને, જે બ્રહ્મચર્ય ગુરુભક્ત. ૧૨
સર્વદ્વાર સંજમ કરે, હરદે રૂંધે મન જેહ;
ધ્યાયે પ્રાંણ નિત્ય મૂર્ધની, જોગ ધારણા તેહ. ૧૩
ૐ ઇતિ અક્ષર પ્રણવ,મમ સ્મરણ કરે જે કોયે;
દેહ તજે તે પુરુષને, સહેજે પરમ ગતિ હોયે. ૧૪
અનન્ય ભાવે સ્મરણ કરે, નિત્ય અચળ નિજ મન;
એને હું સુલભ સદા, જોગજુક્ત અર્જુન. ૧૫
મને મળે તેને નહિ પુનર્પિ, જન્મ મરણ દુઃખ રૂપ;
સહેજે સિદ્ધિ તેહને, પરમ ગતિ તે અનુપ. ૧૬

બ્રહ્મ ભુવન જે લોક છે, તેને પુનર્પિ અવતાર;
મને પામ્યો તે પડે નહિ, ફરીને બીજી વાર. ૧૭
સહસ્ર ચોકડી જાયે જુગ, દિવસ બ્રહ્માનો હોયે;
એટલી રાત્રી જાણીએ, સમજી લ્યો સૌ કોયે. ૧૮
બ્રહ્માના દિવસ વિષે, સૌ ઉપજે સંસાર;
રાત્રીવિષે પ્રલે સઉ, વિરંચી તણો વેપાર. ૧૯
હે પારથ પ્રપંચ સહુ, ઉપજે ને હોયે નાશ;
જ્યમ ગાંધીનો કોથળો, તેમાં સર્વ સમાસ. ૨૦
બ્રહ્મ જીવથી છે ભલો, આદ્ય અટળ અવિનાશ;
બ્રહ્મ કદિ વણસે નહિ, જીવને ઉત્પત્તિ નાશ. ૨૧
અવ્યક્ત રૂપ અક્ષર સદા, દુર્લભ જોગીને જેહ;
પામે ફરી પડવું નહિ, પરમ ધામ તો તેહ. ૨૨
અનન્ય ભાવે ભકિત કરે, પુરુષ તજી ફળ આશ;
સર્વ ભૂતમાં હું રહ્યો, સર્વ ભૂતનો મુજમાં સમાસ. ૨૩
કર્મ કરે તે અવતરે, ફરી પામે સંસાર;
જે ઉપાસક નિર્ગુણ બ્રહ્મનો, તેને નહિ અવતાર. ૨૪
અર્ચિ ઉપાસક સગુણ બ્રહ્મના, તે અગ્નિલોકને જાયે;
ઉત્તરાયણસૂરજદેવનેઅનુક્રમી, હરિપદમાંહે સમાયે. ૨૫
ધૂમ્રો રાત્રી તથા કૃષ્ણ, દક્ષિણાયન ખટમાસ;
ચંદ્રલોકને પામીને, આવે ફરી ગર્ભવાસ. ૨૬
શુક્લ કૃષ્ણ પક્ષ જક્તગતિ, એક સકાંમ એક નિષ્કામ;

સકામી ફરી અવતરે, નિષ્કામી પામે નિજધામ. ૨૭
એ બે મારગને જોગી જાણે,મોહ ન પામે મન;
સદાકાળ નિષ્કામી રહેવું, જોગજુકત અર્જુન. ૨૮
વેદ ભણે તપ દાન જગ્ન ફળ, ધૂમ અર્ચિ લહે જેહ;
દિવ્યલોક વૈકુંઠ માહરૂં,સુખે પામે તેહ. ૨૯

વલણ

અધ્યાય અષ્ટમો થયો પૂર્ણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જય ગોવિંદ રે. ૩૦

ઇતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુન સંવાદે પુરુષયોગોનિરૂપણં નામ
અષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

अध्याय ९ मो-राजविद्याराजगुह्ययोग

શ્રીભગવાન ઉવાચ

પરમગુહ્ય હું કહીશ તુજને, વિજ્ઞાનસહિત જે જ્ઞાન;
જે જ્ઞાને નર મોક્ષ પામે, ટળે દેહ અભિમાન. ૧
રાજવિદ્યા રાજગુહ્ય,પવિત્રમાંહી પવિત્ર;
અવ્યય ફળ એવું જ્ઞાનનું, તે કહીશ તુજને મિત્ર. ૨
અશ્રદ્ધાળુ જે ધર્મના, તે જ્ઞાન પામે નહિ કેમે;
તેને પ્રાપ્તિ ન હોય માહરી, તે જન્મમરણ દુઃખમાં રમે.૩
ઇંદ્રિ અગોચર રૂપ માહરૂં, વિશ્વમાંહી વ્યાપી રહું;
સર્વને આધાર માહરો, હું નિરાધાર તુજને કહું. ૪

અસંગી હું સંગ વરજીત, અવ્યય અકળ અવિનાશ;
ભૂત ભાવન રૂપ માહરૂં, સર્વલોક પ્રકાશ. ૫
યથા આકાશમાં રહ્યો વાયુ, ગગનને નવ આવરે;
એમ સર્વ ભૂત મારે વિષે, મુજને સ્પર્શ નવ કરે. ૬
બ્રહ્મા આદે ભૂત પ્રાણી, પ્રકૃતિમાંહે સમાય;
કલ્પ આદ્યે યોગ માયાયે, સરજ્યું તે ત્યમ થાય. ૭
પ્રકૃતિ બલ સૃજું સર્વે, જીવ સમસ્ત કહેવાય;
વિધાતાની સૃષ્ટિ તે સઉ, અવિદ્યા વશ થાય. ૮
કર્મ બંધન ન કરે મુજને, પારથ જાણો જુક્ત;
હું ઉદાસી થકો કરૂં સૃષ્ટિ, નહિ કર્મ આસક્ત. ૯
પ્રકૃતિ માયા મુજવડે, સૌ ચરાચર જાતમાન;
જેમ સ્ત્રી ભરથારથી, તે ઉપજાવે સંતાન. ૧૦
મૂઢ મુજને એમ જાણે, એમાં નવ તનધારી;
સર્વ ભૂતનો હું છું ઈશ્વર, શું સમજે સંસારી. ૧૧
આશા નિષ્ફલ તેહની, જેને નહિ મુજશું હેત;
આસુરી રાક્ષસી માયાયે, મોહ્યા જીવ અચેત. ૧૨
દૈવી સ્વભાવે આશ્રિત જે જન, તે જાણે મમ રૂપ;
અનન્ય ભાવે ભજે મુજને, હું અવ્યય આદ્ય સ્વરૂપ. ૧૩
સતત મહારૂં કરે કીરતન, આનંદે તે દૃઢવ્રતા;
સત્ય આત્મા ભકત માહરો, નિત્ય જુક્ત ઉપાસીતા. ૧૪
જ્ઞાનજજ્ઞે ભજે કેટલા, કેટલાક એક કરી ધ્યાય;

પ્રથક ભાવે ભજે કેટલા, વિશ્વમુખે વિષ્ણુ પૂજાય. ૧૫
અહંકર્તા કર્મ તે હું, સ્વધાદિક જગ્ન હું જાણ્ય;
અગ્નિ તે હું ઔષધિ હું, સર્વત્ર મુજને પ્રમાણ્ય. ૧૬
પિતા માતા જગત્‌નો હું, જગ્ન પવિત્ર ૐકાર;
વેદ તે હું જ્ઞાતા તે હું, શુભાશુભ દાતાર. ૧૭
ગતિ ભર્તા પ્રભુ સ્વામી, સૌનો હું સાક્ષી નિવાસ;
ઉદ્‌ભવ પ્રલે સ્થાનક તે હું, સૌનું બીજ અવિનાશ. ૧૮
તપું તે હું, વરસું તે હું, મૃત અમૃત હું જાણ્ય;
કારજ તે હું કારણ તે હું, સર્વત્ર મુજને પ્રમાણ્ય. ૧૯
વેદોક્ત કર્મ જગ્ન ઉપાસે, સોમવલી પાન કરે જેહ;
ઇંદ્રલોકનું કરે આરાધન, સ્વર્ગ ભોગ પાંમે તેહ. ૨૦
સ્વર્ગભોગને ભોગવે, જ્યાંલગી પહોંચે પુન્ય;
પુન્યક્ષયે મૃત્યુલોકે, આવી પડે તે જન. ૨૧
અનન્યભાવે ભજે મુજને, આણી અંતર પ્રેમ;
નિત્ય જુક્તે કરૂં નિરવાહ, પમાડું જોગ ખેંમ. ૨૨
અન્યદેવનું યજન કરતા, વિધિપૂરવક જેહ;
જંથાર્થ મુજને ન જાણે, માટે પડે પાછો તેહ. ૨૩
સર્વ જગ્નનો ભોકતા હું છું, આદ્ય પુરુષ અવિનાશ;
એવો મુજને નથી જાણતો, તે માટે તેનો નાશ. ૨૪
યજે દેવ તે દેવલોકને પામે, પિતૃ ભજે પિતૃલોકે જાય;
ભૂતઉપાસેભૂતલોકપામે,મુજનેભજેતેમુજમાંસમાય.૨૫

પુષ્પપત્રં ફલં તોયં, જે સમરપે સ્નેહ સાથ;
તે થકી હું તૃપ્ત થાઉં તેહેનો, નહી રમાને હાથ. ૨૬
જે તું કરે સત્ય કર્મ જપ તપ, ખાન પાન પુન્ય દાન;
તે તું મને સઉ કર્યસમર્પણ, એમ કહે શ્રીભગવાન. ૨૭
શુભાશુભ ફળ કર્મબંધન, તેથી તું મુકાશ;
કૃષ્ણાર્પણબુદ્ધિ કર્મ કરવું, તે જાણો સંન્યાસ. ૨૮
સર્વ ભૂત સમાન માહરે, નહિ રાગ ને દ્વેષ;
સ્વભાવે મુને ભકત વલ્લભ, ત્યાં સંશય નહિ લેશ. ૨૯
મહાપાપી દુરાચારી, અનન્ય ભાવે મુજને ભજે;
તેને હું સાધુ કરી માનું, અવગુણ રાખું નહિ રજે. ૩૦
કતાવળો તેહને આવે સુધર્મ, હોયે સમો ગુણ શાંત;
ભક્ત માહરો નિશ્ચે પામે, એ પારથ વૃત્તાંત. ૩૧
પાપયોની હોયે પારથ, અધમમાંયે અધમ અતિ;
સ્ત્રી વૈશ્ય શૂદ્રથી તે, તે યાંતિ પરાંગતિ. ૩૨
મને ભજે તે પામે મુજને, ભક્તિ એવી છે સહી;
પવિત્ર બ્રાહ્મણ ઉત્તમ ક્ષત્રી, ઇહાં આશ્ચર્ય કરવું નહિ. ૩૩
મારા ભકતને ભાવ માહરો, મને કરે નમસ્કાર;
તનમન આત્મા સુંપે મુજને, ભકિત નવધા સાર. ૩૪

વલણ

અધ્યાય નવમો થયો પૂરણ, ઉપજ્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જય ગોવિંદ રે. ૩૫

ઇતિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન સંવાદે રાજવિદ્યારાજગુહ્યયોગો નામ નવમોઽધ્યાયઃ ॥૯॥

अध्याय १० मो–विभूतियोग

श्रीभगवान ઉવાચ

વળી મહાબાહુ તું, સાંભળ મારૂં વચન;
હું કહીશ તારા હિતકામને, તું રાખ રુદે અર્જુન. ૧
ન જાણે સુરગણ મુને, જે મોટા ઋષિદેવ;
સર્વની આદ્ય સદા હું, તે કોણ જાણે ભેવ. ૨
હું અજ અનાદિ ત્રિલોક ઇશ્વર, એ હવો જાણે જેહ;
સર્વ પાપથી મૂકાયો તે, એમાં નહિ સંદેહ. ૩
બુદ્ધિ જ્ઞાન જે મોહરહીતા, સમદમ ક્ષમા સત્ય જાણ્ય;
સુખદુઃખ ભવો ભાવો, સર્વ મુજથી પ્રમાણ્ય. ૪
અહિંસા સમતા તપ તુષ્ટિ, માનદાન જસાવજસ;
ભક્તિ ભાવોભૂત પ્રાણી, સૌ થાય છે મારે વશ. ૫
મહા ઋષિ સનકાદિક ભૃગુ, સપ્તઋષિ મનુસાર;
એ વૈષ્ણવી માયાથકી, ઉપજ્યું સૌ નિરધાર. ૬
એ વિભૂતી જોગને, જાણે તત્ત્વવિદ્ જંન;
મને પામે સંશય નહિ, સાંભળ તું અર્જુન. ૭
હું વાસુદેવ બ્રહ્મરૂપથી, આ સૌ પ્રગટ હોયે;
સૌ વરતે માહરે વિષે, જાણે વિરલા કોયે. ૮
જેનું ચિત્ત માહરે વિષે, પ્રાંણ ઈંદ્રિ વેપાર;
બોધ પરસ્પર માહરો, મન વાણી સદ્ય વિચાર. ૯
જે પ્રીતિપૂરવક ભજે, તેને આપું જ્ઞાન બુદ્ધિ જોગ;

જોગે કરી જાણે મુને,ટળે સકળ ભવ રોગ. ૧૦
મુજને ભજતા ભક્ત જે, તેના હરદાનો અંધકાર;
જ્ઞાન પ્રકાસે તેહને,ક્ષણુ ન લાગે વાર. ૧૧

અર્જુન ઉવાચ

પરંબ્રહ્મ પરંધામ,પવિત્ર પુરુષોત્તમ;
પુરુષ દિવ્ય શાશ્વત, આદિ દેવ અતિ ઉત્તમ. ૧૨
વસિષ્ઠ પરમુખ માહાત્રઋષિ, જે દેવ ઋષિ નારદ સહી;
અસિતો દેવલો વ્યાસ,એ વિભૂતિ તાહારી કહી. ૧૩
મને કહે તું ઐશ્વર્ય તાહરૂં,હે કેશવ કરુણામયી;
ભગવત્ તમારૂં રૂપ વર્ણન,દેવ દાનવ જાણે નહિ. ૧૪
આત્માના આત્મા હરિ, પુરુષોત્તમ પુરણાનંદ;
દેવના દેવ જગત્પતિ, ગોપીવર ગોવિંદ. ૧૫
દિવ્ય વિભૂતિ તમતણી, સજાતિ વિજાતિ ભેદ;
પ્રથક કરી મુજને કહો, જેને વરણવે વેદ. ૧૬
ક્યાં ક્યાં ચિંતવું સ્વામી તમને, નારાયણ નિજરૂપ;
તેવે ભાવે ભજું તમને, સુંદર શ્યામ સ્વરૂપ. ૧૭
આત્મજોગ જે તમારો, વિસ્તારી કહો ભગવાન;
સાંભળતાં હું તૃપ્તિ ન પામું, કરી અમૃતપાન. ૧૮

શ્રીભગવાન ઉવાચ

પ્રધાન વિભૂતિ વર્ણવું, તું રાખ્ય રુદે મોજાર;
કુરુશ્રેષ્ઠ હું કહું તુજને,વિભૂતિ વિસ્તાર. ૧૯

અયં આત્મા ગુડાકેશ, સ્થાવરજંગમમાં રહ્યું;
આદ્ય અંત મધ્ય રહ્યો વ્યાપી,તે વિભૂતિ તુજને કહું.૨૦
બાર આદિતમાં હું વિષ્ણુ, રવિમાં જ્યોતિ રહી વસી;
મારુત માંહી મરીચી, નક્ષત્ર માંહી તે શશી. ૨૧
વેદમાં સામવેદ અસ્મિ, દેવમાંહી વાસવ;
ઈંદ્રિયોમાં મન અસ્મિ, ભૂતોમાં હું ચેતસ. ૨૨
રુદ્રમાંહી શંકર તે હું, યક્ષમાંહી કુબેર;
વસુમાંહી પાવક તે હું, પર્વતમાંહી મેર. ૨૩
પુરોહિતમાંહી બૃહસ્પતિ હું, કાર્તિકસ્વામી સેનાપતિ;
સરોવરમાંહી સાગરતેહું,એમજાણ્યપારથ મહામતિ.૨૪
મહાઋષીમાં ભૃગુ તે હું, ગિરા અક્ષર નિહાલીયે;
યજ્ઞમાં જપયજ્ઞ તે અસ્મિ, સ્થાવરમાંહી હેમાલિયે.૨૫
વૃક્ષમાંહી પીંપળો હું, દેવઋષિ નારદ મુનિ;
ચિત્રાર્થ તે ગાંધર્વમાંહી, સિદ્ધોમાં કપીલ મુનિ. ૨૬
ઉચ્ચીશ્રવા અશ્વમાં હું, વાયુથી ચંચળ ગતિ;
હસ્તીમાં ઐરાવત તે હું,નરોમાં નરાધિપતિ. ૨૭
આયુધમાંહી વજ્ર તે હું, ધેનુમાં કામદુધા જેહ;
પર્જન્યમાંહી કંદ્રપ તે હું, સર્પ વાસુકી તેહ. ૨૮
નાગમાં શેષનાગ તે હું, ઉદકનિવાસીમાં વરુણ;
પિતૃમાંહી અર્યમા તે હું,દંડધારીમાં યમદંડકરણ. ૨૯
દૈત્યમાં પ્રલ્હાદ તે હું, કાળનો હું કાળ;

મૃગમાંહી સિંહ તે હું, પક્ષીમાં ગરૂડ ગોપાલ. ૩૦
વેગવંતમાં વાયુ તે હું, શસ્ત્ર ધરતામાં રામ;
મછમાંહી મગર તે હું, સરિતામાં જાનવી નામ. ૩૧
સૃષ્ટિની આદ્ય અંતમધ્ય હું, સુણ પારથ તજી પ્રમાદ;
વિદ્યામાં અધ્યાતમ વિદ્યા,રાગ દ્વેષ રહિત હું વાદ. ૩૨
અક્ષરમાંહી ૐકાર તે હું, દ્વંદ્વમાં દ્વંદ્વ સમાસ;
કાળે ક્ષય પામે નહિ તે હું, સૌનો કરતા પ્રકાસ. ૩૩
મૃત્યુ તે હું ઉદ્ભવ તે હું, નારીમાં કીરતી રમા;
સ્ત્રીજાતિમાં હું સ્મૃતિ, ધૃતિ મેધા હું ક્ષમા. ૩૪
સામમાં બૃહત્સામ તે હું, છંદ ગાયેત્રી ભગવંત;
માસમાંહી માગશર તે હું, ઋતુમાંહી વસંત. ૩૫
દ્યૂતમાંહી છળ અસ્મિ, તેજસ્વીમાં હું તેજ;
જયવિષે પ્રભાવ તે હું,સાત્ત્વિકમાં સાત્ત્વિક હું એજ. ૩૬
વૃષ્ણીમાં વાસુદેવ તે હું,પાંડવમાં ધનંજય હું સહી;
મુનિમાંહી વ્યાસ તે હું,કવિમાં ઉશના* કવિ. ૩૭
દુષ્ટનો દમનાર તે હું,પંચમાં ન્યાય નિદાંન;
ગોપ્યમાંહી મુન તે હું,જ્ઞાનવંતનું હું જ્ઞાન. ૩૮
સર્વ ભૂતનું બીજ તે હું, સ્થાવરજંગમ જેહ;
મુજ વિના નહિ તૃણ હાલે, જાંણ્ય અર્જુન તેહ. ૩૯
અર્જુન મારી દિવ્ય વિભૂતિ, તેનો ન મળે પાર;

---

* ઉશના=શુક્ર

એટલું તું એમ ન જાણીશ, વિભૂતિ વિસ્તાર. ૪૦
ઘણી શોભા ઘણી લક્ષ્મી, ઘણી પ્રતિષ્ઠા જાણ્ય;
એ સર્વ વિભૂતિ માહરી, તું પારથ એમ પ્રમાણ્ય. ૪૧
પ્રથક દ્રષ્ટિ પરહરી, એક દ્રષ્ટિ ઉરમાં આણ્ય;
હું અનંત બ્રહ્માંડમાં રહ્યોવ્યાપી,મને સર્વનિરંતરજાણ્ય.

વલણ

અધ્યાય દશમો થયો પૂરણ, ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે. ૪૩

ઈતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિભૂતિયોગનિરૂપણં નામ
દશમોઽધ્યાયઃ ॥ ૧૦ ॥

अध्याय ११ मो–विश्वरूपदर्शनयोग

અર્જુન ઉવાચ

પરમ અનુગ્રહ કર્યો મુજને, કહ્યું ગુહ્ય અધ્યાત્મજ્ઞાન;
તમારે વચને કરી, મારો મોહ ગયો ભગવાન. ૧
કમળલોચન કૃપાસિંધુ, તમો અવ્યય ને અવિનાશ;
સર્વ ભૂત પ્રાણી તમ થકી, તે ઉત્પત્તિ ને નાશ. ૨
પરમ ઇશ્વર શુદ્ધ આત્મા, બ્રહ્માદિકના ઈશ;
એ રૂપ તમારૂં દેખાડો, હું જોવા ઇચ્છું જુગદીશ. ૩
જો હું જોવા જોગ હોઉં તો, દેખાડો એહ રૂપ;
વિશ્વમાંહી રહ્યું વ્યાપી, અવ્યય અકળ સ્વરૂપ. ૪

શ્રીભગવાન ઉવાચ

જો તું પારથ રૂપ માહરૂં, સહસ્ર કોટી પવિત્ર;
નહાના વિધ્ય બહુ દિવ્ય સુંદર, નાના વર્ણ વિચિત્ર. ૫
આદીત, વસુ, રુદ્ર મરુતગણ, જો તું અશ્વનીકુમાર;
મુજવિષે તું ભાળ પારથ, એવાં રૂપ અપાર. ૬
જગત્ સર્વે જે ચરાચર, ઉત્તમ મધ્યમ અપાર;
ગુડાકેશ મુજ દેહ વિષે, તું દેખજે નિરધાર. ૭
ચર્મચક્ષુ જ્યાં લગી, ત્યાં લગી ન મળે બુધ્ય;
હું દિવ્યલોચન આપીશ તુજને, તારે પડશે સુઝ્ય. ૮

સંજય ઉવાચ

સંજય કહે સાંભળ ધૃતરાષ્ટ્ર, એવા જોગેશ્વર હરિ;
પરમ ઇશ્વર રૂપ પારથ, જોયું જે નયણે ભરી. ૯
અનેક નેત્ર અનેક વક્ત્ર, અનેક દિવ્ય આભર્ણ;
અનેક આયુધ ધર્યાં અંગે, રંગ નહાના વર્ણ. ૧૦
દિવ્ય માળા ધર્યાં અંબર, દિવ્ય ગંધનાં લેપન;
સર્વ આશ્ચર્યમય દિવ્યં, વિશ્વરૂપ સનાતન. ૧૧
સહસ્ર સૂરજ અધિક કાંતિ, અસંખ્ય તેજ આકાશ;
એવું દીઠું અર્જુને, હરિ રૂપ પરમ પ્રકાશ. ૧૨
સમસ્ત વિશ્વશરીરમાંહી, નિરખે પાંડુકુમાર;
જે લોક જોતાં જુજવા, તે દેખીયા એક ઠાર. ૧૩
ત્યારે અર્જુન વિસ્મે પામ્યો, તન રોમાંચિત થાયે;
પુષ્પાંજલી કરી શીશ નામી, પ્રેમે લાગ્યો પાયે. ૧૪

અર્જુન ઉવાચ

ઈંદ્ર આદિ દેવ દીઠા, શીવ સહિત કૈલાસ;
કમલાસનપર બ્રહ્મા દીઠા, ઋષી ઉરગ નીવાસ. ૧૫
અનેક બાહુ ઉદરમુખલોચન, દીઠું રૂપ અનંત;
પ્રભુ તાહરા રૂપનો નહિ, આદ્ય મધ્ય ને અંત. ૧૬
કીટ મુગટ કર ગદાચક્ર, તન તેજોમય રાસ;
પ્રલે કાલના અગ્ની જેહેવો, સૂરજ કોટી પ્રકાસ. ૧૭
કાળે કરી જે નાશ ન પામે, અક્ષર અજ અવિનાશ;
અવ્યય શાશ્વત રૂપ સનાતન, ભક્તિ ધર્મ પ્રકાશ. ૧૮
આદ્ય અંત મધ્ય નહિ જેહેનો, અનંત વીર્ય અપાર;
શશી સુર્યલોચનઅનેક બાહુ,જેને તેજે તપે સંસાર.૧૯
દશે દિશામાં રહ્યું વ્યાપી, વિશ્વરૂપ તમારૂં;
ત્રણ ભોવન આકાશઅવની,પોહોંચે નહિ મન મારૂં.૨૦
દેવ દાનવ સૂર સઘળા, કરે તાહરા રૂપમાં પ્રવેશ;
સિદ્ધ મુનિ ઋષિ કરે સ્તૂતી, આનંદ ઉર આવેશ. ૨૧
રુદ્ર આદીત વસૂ વાયૂ, સિદ્ધ અશ્વનિકુમાર;
યક્ષ ગાંધ્રવ સૂર સઘળા, ભય પામે રુદા મોઝાર. ૨૨
રૂપ બહુ બહુ વક્ર લોચન,અનેક બાહુ ચરણ;
અનેક ઉદર દૃષ્ટ કરાલા, સકલને ભય કરણ. ૨૩
નભને સ્પર્શે રૂપ તાહારૂં, દીપ્ત વર્ણ કરાલ;
પ્રલેકાલનો પાવક જેહવો, એહેવાં નેત્ર વિસાલ. ૨૪

દાઢ કરાલ વિકરાલ મુખ, માહા જોતાં ઉપજે ત્રાસ;
દિશ વિદિશની ખબર ન પડે,પ્રસીધ્ય જક્ત નિવાસ.૨૫
ધૃતરાષ્ટસુત શૂર સર્વે, તે દીઠા દેવેશ;
ભીસ્મદ્રોણઆધ જોધઅમારા,તાહરામુખમાંકરેપ્રવેશ.૨૬
સ્વામી સઘળા સુભટ જે જે, દેખું દાઢો હેઠ;
તેને ચાવી ચૂર્ણ કીધા, કૈનાં ફુટયાં મસ્તકપેટ. ૨૭
જથા નદીના બહુ અંબુવેગા, સમુદ્ર માંહિ સમાયે;
એમ તમારા મુખવિષે, બહુ વીર આવે જાયે. ૨૮
અત્યંત વેગે પડે આવી,જ્યમ પાવકમાંહી પતંગ;
એમ સુભટ સૌ દેખું બળતા, સ્વામી તમારે સંગ. ૨૯
વ્યાપક વિષ્ણુ વદન વહનિ–જ્વાલા જાજ્વલમાંન;
જિભ્યા વડે સૌ ચાટે ગ્રસવા, એહેવો તું ભગવાન.૩૦
ઉગ્ર સ્વભાવ આ ક્યાંથી કાઢયો, બ્રહ્માદિકના ઈશ;
તાહરા સ્વરૂપને હું જોવા ઈચ્છું,આધપુરુષ જગદીશ૩૧
કાલરૂપે લોકનો ક્ષય, જાણ્ય હું સર્વ કરેશ;
તુજ વિના દુર્યોધન આદ્ય, સુભટ સૌને ગ્રસેશ. ૩૨
ઉઠય અર્જુન જીત્ય શત્રુ, ભોગવ્ય સમૃદ્ધિ રાજ;
એ પૂરવે મેં મારીમૂકયા,જશકીર્તિમાલાધર્યઆજ.૩૩
ભીષ્મદ્રોણ ને કર્ણજયદ્રથ, અવર જોધ અનેક;
એ જીત્યાની રણ શંકા મૂકે, રાખ્ય રુદે વિવેક. ૩૪
સંજય ઉવાચ
એવાં કેશવનાં સુણી વાયક, પારથ થરથર ધ્રૂજે;

અતિ ભયપામ્યોમુગટમણીવડે,શ્રીકૃષ્ણચરણનેપૂજે.૩૫
સ્થાન ઋષીકેશ તવગુણકીરતી, સુણી જક્તપામેઉલ્લાસ;
સનકાદિક આદ્યે સિદ્ધ પ્રણમે,ભે રાક્ષસ પામે નાશ.૩૬
સ્વામી તમને શેં નમે નહિ, તું બ્રહ્માદિકનો ઇશ;
અક્ષર આદ્ય જગન્નિવાસો, અનંત બ્રહ્માંડાધીશ. ૩૭
આદિ દેવ તમે પુરુષ પુરાણ, વિશ્વના આધાર;
વેદવેત્તા પરંધામ, અનન્ત રૂપ અપાર. ૩૮
વાયુ વરુણ યમ અગ્ની બ્રહ્મા,શશી તેહેનો તું આધાર;
સહસ્રવાર હું સ્વાંમી તમને, ચરણે કરૂં નમસ્કાર. ૩૯
તમ સામર્થને નમું સ્વાંમી, દશે દિશા નમસ્કાર;
આત્મારૂપે રહ્યા વ્યાપી, જે જે જુગદાધાર. ૪૦
હે કૃષ્ણ હે જાદવ હે સખા તું, ઉતાવલો રથ આંણ્ય;
અનંત મહિમા તમારો મેં,જાણ્યો નહિ હું અજાણ્ય.૪૧
હે સ્વાંમી સુખ સેજ આસન, ભોજન ભાવ પ્રસાદ;
જે કાંઇ તમને હાસ કીધું, તે ક્ષમા કરો અપરાધ. ૪૨
સ્થાવર જંગમ લોકનો પતી, તું સ્વામી મહારાજ;
બ્રહ્માદિક ત્રીલોકનો ઇશ્વર, તે મેં જાણ્યો આજ. ૪૩
તે માટે કરૂં કાયાયે દંડવત, અપરાધ ક્ષમાવા સાર;
જયમ પિતાપુત્રનોમિત્રમિત્રનોક્ષમે,અસ્ત્રીનોભરથાર.૪૪
અદ્દ્ભુત કર્મ તમારાં જે કાંઇ, વદે મોટા મુનિજંન;
અજ ભવ વિષ્ણુ એક તમે છો,તમોવિનાનહિઅંન્ય.૪૫

સરસ્વતી મહિમા બોલી ન શકે, વેદ વદે ગુણગાન;
તેનું બુધિવડેકરીકહુંકેટલું,તમોસર્વઆત્માભગવાન.૪૬
અતિ અદ્ભુત કર્મતમારૂં,કેહેતાં ઉપમા ન આવે કોયે;
તેજ બલનો પાર ન મળે, એહેવો સમ્રથ સોયે. ૪૭
ભયે કરી મન ત્રાસ પામ્યું,ઉપજાવો આનંદ;
મિત્રરૂપ હમારૂં જે કાંઈ, પ્રકટાવો ગોવિંદ. ૪૮
મુગટ કુંડલ ઉર વૈજંતી, ગદા ચક્ર ભુજ ચાર;
એહેવું રૂપ દેખાડો મુજને, ક્રિપાસિંધુ મોરાર. ૪૯

શ્રીભગવાન ઉવાચ

માહારી ક્રિપાયે એ રૂપ દીઠું,તેજોમય અનંત અનૂપ;
રણ ભોમી સૌ કૃષ્ણ દેખે,અર્જુન દેખે વિશ્વસ્વરૂપ.૫૦
ન વેદ જગ્નદાંન ક્રિયા તપ, કરે કોટય પ્રકાર;
તુજ વિના કોયે અવર બીજે,નથી દીઠું નિરધાર. ૫૧
રૂપ ભયંકર જોઇને, ભય ઉપજ્યો અર્જુન ભૂપ;
એ મૂઢપણું તજી નીરખ્ય મુજને, કોટી કન્દ્રપ રૂપ.૫૨

સંજય ઉવાચ

અર્જુન પ્રત્યે વસુદેવનંદન, દેખાડયું જે રૂપ;
મેઘવર્ણ ઘનશ્યામ સુંદર, મહા મનોહર રૂપ. ૫૩

અર્જુન ઉવાચ

આનંદરૂપ સરૂપ શીતલ, મૃત સજીવન જેહ;
ભય ગયો નિર્ભે થયો, હરિરૂપ નિરખું તેહ. ૫૪

શ્રીભગવાન ઉવાચ

હે મિત્ર સ્વરૂપ માહારૂં, ચર્મચક્ષુએ ન દેખાય;

બ્રહ્માદિક મન કરે મનોરથ, તેહને દર્શન નવ થાય.૫૫
વેદવડે ન જણાયે જે કાંઈ, વ્રત ચંદ્રાયણ અગ્નિહોત્ર;
અવર ઉપાયે દીસે નહિ, તે રૂપ દીઠું મિત્ર. ૫૬
અનન્ય ભક્તિભાવ જેને, તેહેને દરશન હોય;
તત્ત્વજ્ઞાનીના સંગ વિના તે, અવર ન પામે કોય. ૫૭
મુજ અરથે જેહેનાં કર્મ સઘળાં, શત્રુભાવ નહિ કોય;
ગરુડારૂઢ થૈ તે પ્રાણી, મમલોક પામે સોય. ૫૮

વલણ

અધ્યાય એકાદશ થયો પૂરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે.

ઈતિ શ્રીભગવદ્દગીતાપસૂનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનનિરૂપણંનામ
એકાદશોઽધ્યાયઃ ॥ ૧૧ ॥

अध्याय १२ मो–भक्तियोग

અર્જુન ઉવાચ

એહેવા ભક્ત તમને ઉપાસે, નિર્ગુણ સગુણ સ્વરૂપ;
બે માંહી કીયો ભક્ત ભલો,તે કહો ત્રિભોવન ભૂપ.૧

શ્રીભગવાન ઉવાચ

માહારે વિષે આવેશ મનનો, નીત ઉપાસે જેહ;
સેવા સમરણ રાખે શ્રદ્ધા, મને વલ્લભ તેહ. ૨
અક્ષર એક અવ્યક્ત કહીયે, ઉપાસે જન જેહ;

અચલ હુતે અચિંત્ય કૈવલ, જોગી જાંણે તેહ. ૩
સર્વ ઇન્દ્રી રાખે નેમે, સર્વ બુધ્ય સમાંન;
તેહેને પ્રાપ્તિ હોયે માહારી, એમ વદે ભગવાંન. ૪
અવ્યક્ત બ્રહ્મ ઉપાસના, માહા કષ્ટે કરી લહેનાર;
સગુણની સેવા કરે તે, શ્રમ વિના ભંવપાર. ૫
સર્વકર્મ સમર્પે મુજને, મુજ પરાયણ જેહ,
અનન્ય યોગે પાંમે મુજને, એહેમાં નહિ સંદેહ. ૬
માહારે વિષે જેણે મન સુંપ્યું, આણી પ્રેમ અપાર;
સંસાર સાગરથી ઉદ્ધારૂં, તે ક્ષણું ન લાગે વાર. ૭
મંનબુધીનો સંકલ્પ વિકલ્પ, આરોપે માહારે વિષે;
તે મુને પામે, નહિ સંસે, જન્મમર્ણનો ભે જસે. ૮
જો ચીતનું સમાધાન ન હોયે, તો જોગ અભ્યાસે જીત્ય;
જોગ વિષે જો સાંમ્રથ ન હોય તો, આગે બતાવું રીત્ય. ૯
અભ્યાસ કરવા નહિ સાંમ્રથ, તો કર સમર્પણ કર્મ;
કર્મ સમર્પણ કરીશ મુજને, તોસુખેપામીશપરબ્રહ્મ. ૧૦
કર્મ કરવા અશક્ત હોય તો, મુજ અર્થે કર્ય વીર;
જે જે સેહેજે થૈ આવે તેહેનું, ફલ તજે મતિ ધીર. ૧૧
સર્વથી ઉત્તમ જ્ઞાન કહીયે, જ્ઞાનથી ઉત્તમ ધ્યાંન;
ધ્યાંનથી કર્મફલત્યાગ શાંતિ એમકહે શ્રીભગવાંન. ૧૨
દ્વષ નહિ કોયે ભૂતસું, મિત્રભાવ ક્રિપાલ;
મોહમમતારહિત સુખદુખ, સમક્ષમા પરમ દયાલ. ૧૩

જે સંતુષ્ટ સતંત્ર જોગી, જિતાત્મા દ્રઢતા હૈયે;
મુજ અરપિત જે મનબુદ્ધિ,સો મમ ભક્ત મમપ્રીયે.૧૪
જેથી લોક ઉદ્દવેગ ન પામે, કોયેથી ન પામે પરિતાપ;
હર્ષશોક ભય મુક્ત કહીયે,તે મને પ્રિયે અતિ આપ.૧૫
અપેક્ષારહિત શુચી ઉદાસી, જેહેનીગઇજન્મમૃત્યુવ્યથાઃ
સર્વારંભ પરિત્યાગી, સો મમ ભક્ત પ્રીયે જથા. ૧૬
જો ન હર્ષતિ નહિજ દ્વેષ્ટી, નહિ સોચતી નહિ કાંક્ષતી;
શુભાશુભ કર્મબંધનત્યાગી,સોમમભક્તપ્રીયેઅતી.૧૭
શત્રુ મિત્ર સમાન જેહને, તથા માન અપમાન;
સીતઉષ્ણ સમાનસુખદુઃખ,તે પ્રીયે કહે ભગવાન. ૧૮
સ્તુતિ નિંદા સમાન માને, સદા ચિત્ત સંતોષ;
નિકેત[1]રહિતજેહેનીસ્થિરમતિતે,ભક્તવલ્લભનિર્દોષ.૧૯
હેતુધર્મ અમૃત ઉપાસે, યથાયોગ્ય ઉપગાર;
શ્રદ્ધા સર્વે મમપરાયણ, તે ભક્ત પ્રિય નિરધાર. ૨૦

વલણ

અધ્યાય દ્વાદશ થયો પૂરણ, ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી,સૌ બોલો જે ગોવિંદ રે.

ઇતિ શ્રીભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગનિરૂપણં
નામ દ્વાદશોઽધ્યાયઃ ॥ ૧૨ ॥

---

૧ નિકેત=ઘર.

अध्याय १३ मो–क्षेत्रक्षेत्रज्ञविभागयोग

અર્જુન ઉવાચ

પુરુષપ્રકૃતિ કહો કેશવ, ક્ષેત્ર ક્ષેત્રજ્ઞે ઉત્તમ;
તે સાંભળવા ઇચ્છું સ્વામી, કહો જ્ઞાન તે પુરુષોત્તમ. ૧

શ્રીભગવાન ઉવાચ

ઇદં શરીરં કુંતિનંદન, ક્ષેત્ર તેહને જાણ;
નખ સીખા સંભાલ જેને, ક્ષેત્રજ્ઞ તું પ્રમાણ. ૨
ક્ષેત્ર શરીર સમસ્ત કહીયે, ક્ષેત્રજ્ઞ મને જાણ્ય;
દેહ આત્માનો વિવેક જેને, જ્ઞાંન તેહ પ્રમાણ્ય. ૩
ધર્મયુકત એ ક્ષેત્ર કહીએ, ઉપજે સાર અસાર
ક્ષેત્રનો તે પ્રભાવ સાંભળ્ય, કહું તુજને વિચાર. ૪
ઋષી પણ બહુવિધ ગાતા,વેદે વર્ણવ્યો અનેક પ્રકાર;
ભિન ભિન કરી કહ્યો તેણે,જેહેની જેવી મતિનુસાર. ૫
મહાભૂત અહંકાર બુદ્ધી, ઈંદ્રિયો દશ કહેવાયે;
શબ્દ સ્પર્શ રૂપરસ ગંધ, તે વિષે ઉત્પન્ન થાયે. ૬
ઇચ્છા દ્વેષ સંઘાત સુખ દુઃખ,ઉપજે અનેક વિકાર;
તત્ત્વ ચોવીસને કરે ચૈતન,જ્યમ લોહે અગ્નિ પ્રકાસ.૭
અમાંનઅદંભઅહિંસાક્ષાંતિ,આર્જવઆચાર્યઉપાસના;
શૌચધીરજઇન્દ્રીનિગ્રહ,જાણ્યે ટળે સકલ ભવશાસના.૮
ઇન્દ્રિયાર્થે વૈરાગ્ય કરવો, તજવો મન અહંકાર;
જન્મ મૃત્યુ જરા વ્યાધી,દુઃખ દરસે નહિ તે લગાર.૯

સુત દારા ગ્રહે સ્નેહ તજવો, શુભાશુભ સમચિત્ત;
મોક્ષ્ય પામ્યાતણું સાધન, કહ્યું તુજને મિત્ર. ૧૦
અનન્યયોગે કરે ભકિત, ઇચ્છે નહિ ફલભોગ;
ઉત્તમ દેશ એકાંત સેવે, સદા ટળે ભવરોગ. ૧૧
અધ્યાત્મનિત્ય તત્ત્વદર્શન, તેહેનું નામ તે જ્ઞાન;
એ વિના જે અવર બીજું, તે તું બુજ અજ્ઞાન. ૧૨
જ્ઞેય જે તે કહું જ્ઞાત્વા, મોક્ષ અમૃતપાન;
અનાદિ પરબ્રંહ્મનો, નહિ નાશ કહે ભગવાન. ૧૩
સર્વના પગપાણુ શિરોમુખ,સર્વના શ્રુતિ જેહ;
સર્વ લોકમાં રહ્યો વ્યાપી, બ્રહ્મ કહીએ તેહ. ૧૪
સર્વ ઇંદ્રી ગુણાભાસ, સર્વ ઇંદ્રી વિવર્જીતં;
સર્વ કરે ને કરે ન કાંઇ, ગુણાતીત જે શાશ્વતં. ૧૫
સર્વ ભૂતની બાહાર ભીતર, વ્યાપીક સર્વ ચરાચર;
સૂક્ષ્મજ્ઞાન કેણે કળ્યો ન જાયે,અકળ રૂપ મહેશ્વર. ૧૬
સ્થાવર જંગમ જીવ જે જે, તેહમાં રહ્યો એક બ્રહ્મ;
પાલનપોષણ કરે સૌનું, જેહેને નહિ ગુણકર્મ. ૧૭
જેહેની જ્યોતિવડે સઉ જ્યોતિભાસે,ટળેતીમરઅંધકાર;
જ્ઞાનજ્ઞેયઅગમઅગ્યાત,રહ્યો સૌનાહ્રદિયામોઝાર. ૧૮
ક્ષેત્રક્ષેત્રજ્ઞે જ્ઞાન જે કાંઇ, કહ્યો સર્વ સમાસ;
માહારો ભકત તે જાણી તેને,પામે પદ અવિનાશ. ૧૯
પ્રકૃતિ પુરુષ અનાદિ છે, જેથી જીવ ઉત્પત્તિ જાણ્ય;

એ માયા ગુણના વિકાર સર્વે, એવું ઉરમાં આણ્ય. ૨૦
કાર્ય કારણ પ્રકૃતિ હેતુ, ઉપજ્યો સંસાર;
જીવરૂપી પુષ્પ છે તે, સુખદુઃખ ભોગવનાર. ૨૧
પ્રકૃતિ પુરુષ સંજોગથી, ગુણ ત્રિવિધ વિસ્તાર;
ગુણ સ્વભાવે જીવ પામે, ઉંચ નીચ અવતાર. ૨૨
દેહવિષે રહે દ્રષ્ટા કહીયે, ભર્તા ભુકતા મહેશ્વર;
પરમાત્મા તું જાણ્ય તેહેને, દેહાતીત નિરંતર. ૨૩
પ્રકૃતિ પુરુષને જુજવાં જાણે, કરે સર્વથા વૃતમાંન;
જદ્યપિ નેષ્ટ આચરે તોયે, પામે મુજને નિદાંન. ૨૪
કેટલા જોગી ધ્યાને દેખે, કેટલા સાંખ્ય તત્વવિચાર;
કેટલા કર્મજોગી કર્મે કરીને, પામે મને નિરધાર. ૨૫
અનેક ઉપાયે જાણે મુજને, જ્ઞાન ધ્યાન વિચાર;
ગુરુમુખથી શ્રવણ કરતાં, તરે ભવસંસાર. ૨૬
યાવત કિંચિત કશું ન મળે, એક પુરુષ પ્રકૃતિવિના;
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ થકી નિપજે, જડ જંગમ ઇતર જના. ૨૭
સર્વભૂત સામાન્ય ઈશ્વર, વિશ્વતણો આધાર;
કાલકર્મે નાશ ન પામે, એને દેખે તે દેખનાર. ૨૮
દેખે એક સર્વત્ર ઇશ્વર, નારાયણ નિરધાર;
કોનો દ્રોહ કરે નહિ, તે સેહેજે પામે પાર. ૨૯
પ્રકૃતિ ક્રિયમાંણ માયા, કર્મ શુભાશુભ તે કરે;
આત્માને જે અકરતા જાંણે, સંસારસાગર તે તરે. ૩૦

પ્રથક પ્રાણી દેહધારીવિષે, એક આત્મા દેખે સહી;
તે દેખનારો બ્રહ્મપદને પામે,ત્યાંહાં સંસે કરવો નહી. ૩૧
અનાદિ આત્મા એક નિરગુણ,અવ્યય અલગો સર્વથી;
શરીરે કરી કુંતિનંદન, એ કાંઇ લેપાતો નથી, ૩૨
યથા સૂક્ષ્મ સર્વગતં, આકાશ નવ લેપાયે;
એમ આત્મા સદા અસંગી, દેહ આવે જાયે. ૩૩
યથા સૂરજ એક સઘળે, કરે તેજ પ્રકાશ;
એમ આત્મા દેહમાંહી, દેખે સર્વાવાસ. ૩૪
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞે જે કોઇ જાણે, જેને અંતર ચક્ષુજ્ઞાન;
ભૂત પ્રકૃતિ મોક્ષ પામે, એમ વદે શ્રીભગવાન. ૩૫

વલણ

અધ્યાય ત્રીયોદશ થયો પૂરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કેહે પ્રીતમ પ્રેમે કરી,સઉ બોલો જે ગોવિંદ રે. ૩૬

ઇતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ક્ષેત્રક્ષેત્રજ્ઞયોગનિરૂપણં
નામ ત્રયોદશોઽધ્યાયઃ ॥ ૧૩ ॥

अध्याय १४ मो–त्रिगुणविभागयोग

श्रीभगवान उवाच

હે અર્જુન હું કહીશ તુજને, જ્ઞાનમાં ઉત્તમ જ્ઞાંન;
જે જ્ઞાને મુનિ સિદ્ધ પાંમ્યા, પરમગતિ તે નિદાંન. ૧
ઇદં જ્ઞાન ઉપાસીતા, મમ ધર્મ પામે તેહ;
સર્ગ ન જાએ પ્રલે ન પામે, ધરે માહારી નિજ દેહ. ૨
મમ યોનિ મહદ બ્રહ્મ, ત્યાંહાં હું ગર્ભ ધારત;
સંભવ સર્વભૂત પ્રાણી, તે તો ભવતિ ભારત. ૩
માહારી માયા પ્રસવે સર્વને, બીજ મુજને જાણ્ય;
તે માટે સર્વ જીવનો, મને માતાપિતા પરમાણ્ય. ૪
સત્ત્વ રજસ્ તમ ત્રણ ગુણ જે, પ્રકૃતિથી પરમાંણ્ય;
દેહરૂપે કરે બંધન, અવ્યય આતમા જાંણ્ય. ૫
સાત્ત્વિક ગુણઅતિ પરમઉજ્વલ, સ્ફાટિકમણિમે પ્રકાશ;
સુખસંગે તે બંધન પાંમે, ભારથ જ્ઞાને નાશ. ૬
રજોગુણને રાગ ત્રષ્ણા, રક્ત વર્ણ વિશેષ;
કર્મસંગે બંધન પામે, વામે નહિ તે કલેશ. ૭
તામસગુણ અજ્ઞાન ઉપજે, સામ વર્ણ તે જાણ;
આલસ મોહ પ્રમાદ નિદ્રા, ભારથ બંધન પ્રમાણ. ૮
સાત્વીક ગુણ સુખનું બંધન, રજોને કર્મ બંધ;
તમોગુણ અજ્ઞાન બંધન, મોહ–મતિ અતિ અંધ. ૯

એક એકથી ગુણ વૃદ્ધિ પામે, તે કર્મે કરી ઓળખાયે;
સાત્વીક સુખ અહંકાર,રાજસ તામસ મોહ અધિકાયે૧૦
કર્ણ આદે સર્વ દ્વાર, દેહનાં કરે પવિત્ર પ્રકાશ;
ઉપજાવે તે જ્ઞાનને, એ સાત્વિકનો અભ્યાસ. ૧૧
રજોગુણ જ્યારે વૃદ્ધિ પામે, હોય લોભ ઇચ્છા દંભ;
પારથ એહેવું જાણજે, કરે કર્મનો આરંભ. ૧૨
જ્યારે તમોગુણ વૃદ્ધિપામે, અવિવેક અતિ અપ્રકાશ;
આલસ મોહ પ્રમાદ ઉપજે,એ અર્જુન ગુણ અભ્યાસ.૧૩
સાત્વીક વૃદ્ધિ પામ્યા થકી હોયે,દેહાદિકનો નાશ;
ઉત્તમ ગતી તે તેહ પાંમે, સતલોક કેરો વાસ. ૧૪
રજો ગુણથી પ્રલે પામે, મધ્ય લોક કર્મ અનુસાર;
તાંમસમરણે મૂઢયોની, પામે પ્રેત અવતાર. ૧૫
સુકિત સાત્વિકનું ફલ નિર્મલ, રાજસફલ દુખરૂપ;
તામસફલ અજ્ઞાંન ઉપજે, તે નાખે ભવકૂપ. ૧૬
સાત્વીક ગુણથી જ્ઞાન ઉપજે, રાજસ લોભ અપાર;
તામસ મોહ પ્રમાદ ઉપજે, એ ત્રીગુણનો વિસ્તાર. ૧૭
ઉર્ધ્વ ગતિ તે સાત્વિક પાંમે, રાજસી મધ્યલોક;
તાંમસી તે જાયે અધોગત, પાંમતો ભય શોક. ૧૮
જે ગુણનું વ્રતમાંન જેને, તેહેવો પામે દેહ;
ત્રિગુણાતીત તે પામે મુજને, એહેમાં નહિ સંદેહ. ૧૯
શુદ્ધભાવે ભજે મુજને, મુકીને ગુણદોષ;

જન્મ મૃત્યુ જરારોગ મૂકાયે, પામે અમૃત મોક્ષ. ૨૦

અર્જુન ઉવાચ

ગુણાતીત કયમ કરી થાયે, કોહો શ્રીભગવાન;
ક્રીયે એને જાણીએ,તે કયમ કરે વ્રતમાન. ૨૧

શ્રીભગવાન ઉવાચ

મોહ પ્રવૃત્તિ પ્રકાશ ગુણત્રય,તેશું નહિ દ્વેષ ને રાગ;
ગુણાતીત તે થયો અર્જુન, જાણ્ય જે બડભાગ્ય. ૨૨
જે સંન્યાસી ઉદાસી ગુણે,ચળે નહિ વ્રતમાન;
દેહઈંદ્રીના ગુણ વડે, તે ધરે નહિ અભિમાન. ૨૩
સમ સુખદુઃખ લોષ્ટ કાંચન, પ્રીય અપ્રીય નિંદાસ્તુતી;
ગુણાતીત તું જાણ્ય તેહેને,એમ કહે ત્રિભોવન પતિ. ૨૪
માંન અપમાંન તુલ્ય તેહેને, તુલ્ય મિત્ર ને અરી;
સર્વારંભ પરિત્યાગી, ગુણાતીત તે કેહે હરી. ૨૫
શાંતભાવે સેવે મુજને, ભક્તિ યોગે જેહ;
ગુણને મસ્તક પાય દેઇને, મુને સુખે પામે તેહ. ૨૬
પરમારથ બ્રહ્મ પદ પ્રતિષ્ઠા, આવે અમૃત સાર;
શાશ્વતસત ધર્મ સઉ સુખ, તેહેનો હું દાતાર. ૨૭

વલણ

અધ્યાયચતુર્દશ થયો પૂરણ,ઉપન્યો અતિ આનન્દ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે.

ઇતિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ત્રિગુણવિભાગયોગનિરૂપણું નામ
ચતુર્દશોઽધ્યાયઃ ॥૧૪॥

अध्याय १५ मो–पुरुषोत्तमयोग

શ્રીભગવાન ઉવાચ

ઉર્ધ્વ મૂલ મધ્ય સાખા જેહેને,અસ્વત્થ અવ્યયઅખંડ;
વેદરૂપી પત્ર એને, તે વ્યાપી રહ્યો બ્રહ્માંડ. ૧
રાગાદિક મોહ મૂલ નીચાં, શાખા ત્રિગુણ પ્રમાણ્ય;
વિષયરૂપી અંકુર તેહને, ફલકર્મ બંધન જાણ્ય. ૨
સંસાર વૃક્ષનું કર્યું વર્ણન,નહિ રૂપ આધ કહેવાય;
દ્રઢ મૂલ અસ્વત્થ એવું,એને અસંગ શસ્ત્રે છેદાય. ૩
વિષ્ણુપદ પામ્યા તે મારગ, ચાલવું નિરધાર;
આધ પુરૂષ તમને નમું, જેની પ્રકૃતિ આ સંસાર. ૪
નહિ માન મોહ જીતદોષ, સુખદુખ અધ્યાત્મનિત્યનેમ;
નિવૃત્તકાંમ સઉં દ્વંદ્વમુકતા, તે પામ્યા અવ્યય પદપ્રેમ
સૂરજ વડે ભાસે નહિ, શશિ પાવક નવ દરસાયે;
જ્યાંહાં ગયો પાછો નવ વળે, મમ ધામ તે કેહેવાયે. ૬
મારોજ અંશ તે જીવલોકે, જીવભૂત સનાતને;
પ્રકૃતિ અજ્ઞાન ટળે તે, તો પૂર્વ રૂપે પામે મને. ૭
જારે જીવ શરીર મુકી, અન્ય દેહમાંહે સમાયે;
ચૈતન વાયુ ઇન્દ્રી મન, વિષય વાસના લેઇ જાયે. ૮
શ્રવણ ચક્ષૂ ત્વચા રસના, નાસિકા નિજ દેવ;
તેહેનો અધિષ્ઠાતા મન જાણો, વિષય અનોપમ સેવ.૯
કામક્રીડા દેહ વિષે ભોગે, જીવગુણ અભિમાન;

વિમૂઢ નર દેખે નહિ, કોય દેખે ચક્ષુ જ્ઞાન. ૧૦
કેટલા જોગી જે સમદરશી, અંતર આત્મા પેખે;
પાપરૂપ અચેત પ્રાણી, તે સ્વરૂપને નહિ દેખે. ૧૧
જે આદિત્યમાંના તેજથી, જગત ભાસે અખીલં;
જે ચંદ્ર અગ્નિને પ્રકાશે પ્રેમે,તે તેજ મારૂં જાણુ મંગળં.૧૨
ધારણ શક્તિ માહેરી, ધરા ધરી રહી સંસાર;
ચન્દ્રરૂપે ઔષધી, રસ પોષું હું નિરધાર. ૧૩
અહં વિશ્વાનરો ભૂત્વા, પ્રાણીનાં દેહમાશ્રિતઃ
પ્રાણાપાન સમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધં. ૧૪
સર્વ હૃદયમાં રહ્યો તે હું, જ્ઞાન સમૃતિ હુંજથી;
વેદ વેદાંત વેદારથ તે હું, સર્વ થાયે તે મૂજથી. ૧૫
બે પુરુષ આ લોકમાંહી, ક્ષર અક્ષર કહેવાયે;
ક્ષર જાણો આ ભૂત પ્રાણી, અક્ષર ઇશ્વર રાયે. ૧૬
અક્ષરાતીત પરમાત્મા તે, પુરુષમાં ઉત્તમ જાણ્ય;
ધરી રહ્યો ત્રીલોક ઇશ્વર, પુરુષોતમ તેહ પ્રમાણ્ય. ૧૭
ક્ષર મતિને મૂકય અર્જુન, અક્ષર મતિ ઉર આણ્ય;
લોકેવેદે પ્રસિદ્ધ છે તે, પુરષોત્તમને જાણ્ય. ૧૮
મૂઢપણું જેહેનું ગયું સર્વે, ઉપજ્યું હરિ હેતારથ;
પુરૂશોત્તમને તેહ જાણે, સર્વ ભાવે ભારથ. ૧૯
ગુહ્યશાસ્ત્ર મેં કહ્યું તુજને, અઘરહીત અર્જુન;
એ જાણે તે બુદ્ધિવાન માનવ, કૃતકૃત્ય તે જન. ૨૦

વલણ

અધ્યાય પંચદશ થયો પૂરણ,ઉપન્યો અતિ આનન્દરે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સઉ બોલો જે ગોવિંદ રે. ૨૧

ઇતિ શ્રીભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગનિરૂપણં
નામ પંચદશોऽધ્યાયઃ ॥૧૫॥

अध्याय १६ मो–दैवासुरसंपद्–विभागयोग

શ્રીભગવાન ઉવાચ

અભય સાત્વિકબુદ્ધિ શુદ્ધિ, જ્ઞાન યોગ તે જાણ;
દાન દમ તપ યજ્ઞ આર્જવ, સ્વાધ્યાય એહ પ્રમાણ. ૧
અહિંસા સત્ય ક્રોધરહીતા, ત્યાગ શાંતિ સુદેશ;
ભૂતદયા ત્યજે લોલુપતા, ચપલતા નહિ લેશ. ૨
તેજ ક્ષમા શૌચ ધીરજ, દ્રોહતા ન કરે કસી;
એ જાંણ્ય દૈવી સંપદા, જેહેના તે ઉરમાં રહી વસી. ૩
દંભ દર્પ ને ક્રોધ કહીયે, અતિઘણું અભિમાન;
એ આસુરી સંપદા અર્જુન, એમ કહે ભગવાન. ૪
દૈવી સંપદા મોક્ષ પામે,આસુરી બંધાયે;
દૈવી ઉત્તમ જાણજે, તું સાંભળ્ય પાંડુરાયે. ૫
સૃષ્ટીમાંહી બેહુ છે, દૈવી આસુરી એહ;
દૈવી સંપદા કહી તુજને,હાવે સાંભળ્ય આસુરી જેહ. ૬
પ્રવર્તી વશ આસુરીજન, નહિ સત્ય શૌચ આચાર;

એ સ્વભાવે આસુરી, તું જાણ્ય પાંડુકુમાર. ૭
આસુરી જગતને કેહે નાસ્તી, નથી ઇશ્વર કોય કરનાર;
સ્ત્રીપુરુષને સંયોગે, સૌ ઉપજે સંસાર. ૮
આસુરી નરને અલ્પબુદ્ધિ, આચરે વિકર્મ;
સર્ગ લોકને પામવાને, કરે તામસી ધર્મ. ૯
કામ આશ્રીત ઉદર ભરતા, દંભ માન મદ મોહ;
અશુચી પંથે પરવરે, ને કરે પરનો દ્રોહ. ૧૦
પ્રલય અવધિ લગી ચિંતા,કામે ત્રપ્ત ન થાયે;
વિષય ભોગવે એજ પરમારથ,નહિ અવર ઉપાયે. ૧૧
આશાપાશે સદ્ય બાંધ્યો, જીવવું તેહેનું વ્રથ;
કામ ક્રોધ પરાયણ એ,નહિ બીજો અર્થ. ૧૨
આટલું ધન પામ્યો છું,વળી મનોરથ પામ્યા તણો;
અધીક ત્રષ્ણા તેહને જે,લાવું દ્રવ્ય કયાંથી ઘણો. ૧૩
હણીશ શત્રુ હણ્યા કેટલા, જે મુજને કરતા દુખી;
અહં ઇશ્વર અહં ભોગી,અહં સિદ્ધ બલવાન સુખી.૧૪
હું કુલવાન ધન પૂરણ માહારે, પાર વિનો પરિવાર;
કોણ એ સમોવડ કરે બીજો,આસુરી મોહઅહંકાર.૧૫
અનેક ચિત્ત જેહેનું ભ્રાંતિ પામ્યું,મોહ જાલ અપાર;
કામભોગ આસક્તિ જેહેને, તે પડે નર્ક મોઝાર. ૧૬
વિદ્યાનું અભિમાન જેને, ધન મદ અતિ અહંકાર;
દંભ અર્થે યજ્ઞ ઉપાસે, વિધિપૂર્વક નહિ લગાર. ૧૭

અહંકાર બલ દર્પ કામ ક્રોધ, અસોયા અપાર;
મમ આત્મા રહ્યા પરદેહ વિષે,તેહનો દ્રોહનો કરનાર. ૧૮
સદમારગના શત્રુ જે કોય, અધમ નીચ ગમાર;
વ્યાઘ્ર ગર્ધવ સર્પ યોની, આસુરી અવતાર. ૧૯
આસુરી યોની અવતાર પામે, જન્મ જન્મ નરમૂઢ;
ન પામે તે મુજને, એમ કહે ગરુડારૂઢ. ૨૦
સાંભળ અર્જુન કહું તુજને, ત્રિવિધી નર્કનાં દ્વાર;
કામ ક્રોધ ને લોભ કહીયે, તેહેને દૂર નિવાર. ૨૧
મુક્ત અર્જુન જાણ્ય તેહેને, તજે ત્રિવિધ નર્કનાં દ્વાર;
આચરે શુભ કર્મ તે જંન, સેજે પામે પાર. ૨૨
જે પુરુષ મુકે શાસ્ત્રની વિધિ, કરે કાંમ ઉપાય;
ન પાંમે સિદ્ધિ મોક્ષસુખ, સંસારમાં વહી જાય. ૨૩
તે માટે શાસ્ત્ર પ્રમાંણ કહીયે, કાર્યાકાર્ય હોયે;
શ્રદ્ધાયુક્ત જે આચરે, સતકર્મ જ્ઞાની સોયે. ૨૪

વલણ

અધ્યાય ષોડશ થયો પૂરણ, ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સૌ બોલો જે ગોવિંદ રે.

ઇતિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે દૈવાસુરસંપદ્વિભાગયોગનિરૂપણં
નામ ષોડશોઽધ્યાયઃ ॥૧૬॥

अध्याय १७ मो–श्रद्धात्रयविभागयोग

અર્જુન ઉવાચ

જે શાસ્ત્રવિધિ નથી જાણતો, યજે શ્રદ્ધાપૂર્વક સાર;
તેહેની નિષ્ઠા કોણ કૃષ્ણ,વરણવી કોહો વિસ્તાર. ૧

શ્રીભગવાન ઉવાચ

શ્રદ્ધા ત્રણ પ્રકારની તું, પારથ પ્રીછે એહ;
સાત્વિકી રાજસી શ્રદ્ધા, તામસી કહું તેહ. ૨
સઉને શ્રદ્ધા ત્રિવિધા ઉપજે, પારથ એહ પ્રમાણ્ય;
સાત્વિક રાજસી તાંમસી,ત્રીવિધિ શ્રદ્ધા જાંણ્ય. ૩
સાત્વિકી શ્રદ્ધા જે દેવને, રાજસી યક્ષ ને રાક્ષસ;
ભૂત પ્રેત પિશાચ પૂજે, તે તો શ્રદ્ધા તામસ. ૪
શાસ્ત્રરહિત ઘોર તપ એ, તપતા જે તપોજના;
કામ રાગ અહંકાર દંભ એ, તેને ઉર અતિ ઉપના. ૫
એહેવા મંદ અભાગી ભક્તિ,મૂકી બેઠા મહાતપ આચરી;
હું રહ્યો દેહમાં દમે તેને, જાણજે તે આસુરી. ૬
ત્રીવિધિ આહાર તપ ત્રિવિધ કહીયે,ત્રિવિધિજજ્ઞ ને દાન;
તે શ્રદ્ધાએ ઓળખાયે અર્જુન, ભેદ કહે ભગવાન. ૭
જે આહારથી સુખ ઉપજે, આયુષ બલવૃદ્ધિ હોયે;
ઘૃત ઘણું અંન અતી ઉજ્વલ,આહાર સાત્વિકી સોયે. ૮
ખાટું ખારૂં ઉષ્ણ તીખું, કટુ કસાયલું કાહાવે;
એ આહાર છે રાજસીનો, રોગ દુઃખ ઉપજાવે. ૯

કાચું દવાયૂ વાસી લૂખું,રસરહિત તે અંન;
પંચયજ્ઞવર્જીત જાણજો, તે તાંમસી ભોજંન. ૧૦
ફલાકાંક્ષા નહિ એકાગ્રે મન, કૃષ્ણાર્પણ બુદ્ધિ જેહ;
વેદ વચને વિધિપૂરવક, યગ્ન સાત્વિકી તેહ. ૧૧
ફલ ઇચ્છાં દંભ લોક કીરતિ,એહેવો જજ્ઞ યજતા જેહ;
ભારતશ્રેષ્ઠ તું જાણ્ય તેને, યજ્ઞ રાજસી તેહ. ૧૨
વિધિહીણ નહિ દાન અંનનું,મંત્રહીન દક્ષિણા નહી;
શ્રદ્ધાહીણ યજ્ઞ તાંમસી તે, માંનજે પારથ સહી. ૧૩
દેવ બ્રાહ્મણ ગુરુ વૈષ્ણવ, પૂજન કોમલપણું;
બ્રહ્મચર્ય અહિંસા ધર્મ તે,શરીર તપ તેહેને ભણું. ૧૪
અનુદ્વેગ વાચક સત્ય, પ્રિય હિત સુણી ઉપજે આનંદ;
એ વાંણીનું તપ જાંણજો, એમ બોલે શ્રી ગોવિંદ. ૧૫
મન પ્રસંન અતિ સૌમ્ય સીતલ, મૌન આત્મા નિગ્રહે;
સુધ્ય નિર્મલ ભાવ જેને,હરી માંનસ તપ તેહેને કહે.૧૬
ત્રિવિધિ તપ નર આચરે તે,તેહેનો વિવેક વિચાર;
શ્રદ્ધાયુક્ત ફલરહિત કૈયે, સાત્વિક તપ તે સાર. ૧૭
સત્કાર માન પ્રમાણ માટે, પૂજા અર્થે દંભ;
એણે લક્ષણે જાણજે, તપ રાજસી આરંભ. ૧૮
મૂઢ મન અવિવેકે પીડયા, કરે કલેશ નહિ જુક્ત કસી;
શત્રુ હણવા સાધે ઉદ્યમ, અર્જુન એ તપ તામસી. ૧૯
ઉપગાર અરથે આચરે, તજે દેહનું અભિમાન;

ક્ષેત્રપાત્ર દેશકાળે આપે, તે તો સાત્વિક દાન. ૨૦
સ્વારથ અર્થે દાન આપે, ફલ ઇચ્છા મન ધારે;
આપતાં તે કલેસ આંણે,રાજસ દાંન વિચારે. ૨૧
દેશકાલ ને પાત્ર ન જાણે, તે વિષે દે દાન;
દાન તામસ તેહેને કહીયે, એમ વદે શ્રીભગવાન. ૨૨
ઓંકાર તત્ત્વથી ઉપન્યા, જે બ્રાહ્મણ યજ્ઞ ને વેદ;
તે માટે તેને ઘટે પ્રણવ, જાણવો સો ભેદ. ૨૩
હે અર્જુન જે બ્રહ્મવાદી, તપ જજ્ઞ દાન ઉદાર;
એહ સુધર્મ સો આચરે, પણ લેઇ આદ્ય ૐકાર. ૨૪
કૃષ્ણાર્પણ બુદ્ધિયે કરે, તપદાંન જજ્ઞ ક્રિયાય;
અવર ફલ ચીત નવ ધરે, કરે મોક્ષની ઇચ્છાય. ૨૫
સદ્‌કર્મને વિષે ધરે શ્રદ્ધા, પ્રેમ પ્રીત દ્રઢાવ;
હરી વિના નહિ બોલે બીજું,સત્ય શબ્દઉપર ભાવ.૨૬
યજ્ઞ દાંન જપ તપ જોગનો, કરે ઉર અંતર અભ્યાસ;
સુધર્મ વિષે તે સ્થિતિ ભલી,સત શબ્દનો વિશ્વાસ. ૨૭
શ્રદ્ધા વિના સતકર્મ કરવાં, હોમ હવન તપદાંન;
આલોક પરલોક ફલ જડે નહિ,એમ કહે શ્રીભગવાંન.૨૮

વલણ

અધ્યાય સપ્તદશ થયો પૂરણ,ઉપન્યો અતિ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સઉ બોલો જે ગોવિંદ રે.

ઇતિ શ્રીભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે શ્રદ્ધાત્રયવિભાગયોગનિરૂપણં
નામ સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥

अध्याय १८ मो–संन्यासयोग

અર્જુન ઉવાચ

સંન્યાસસ્ય માહાબાહુ, ત્યાગનું જે સ્વરૂપ;
સાંભળવા ઇચ્છા કરૂં, તમે કોહો ત્રિભોવન ભૂપ. ૧

શ્રીભગવાન ઉવાચ

કામ્ય કર્મનો ન્યાસ કહીએ, સંન્યાસ તેને જાંણ્ય;
સર્વ કર્મ ફલત્યાગી, ત્યાગ રૂપ પ્રમાંણ્ય. ૨
હે અર્જુન એ સાંખ્યનો મત, દોષ દેખી તજે કર્મ;
મિમાંસા તપ યજ્ઞદાંને, સત કરી થાપે ધર્મ. ૩
સાંભળ અર્જુન સ્નેહ આંણી, જે તેં પૂછયું સાર;
કહું તુજને રાખ્ય હૃદયે, ત્યાગ ત્રિવિધ પ્રકાર. ૪
તપદાન જજ્ઞ જે કર્મ કહીયે, ન તજવાં તે મિત્ર;
મૂકવાં મન કાંમના ફલ, તેણે થાએ ચિત્ત પવિત્ર. ૫
એહેમાં કારણ એટલું, ફલકર્મ તજવાં તેહ;
નિશ્ચે કરવાં કર્મ શુભ સઙિ, માહારો તો મત એહ. ૬
નિત્ય કર્મનો ત્યાગ ન ઘટે, જેણે મન શુદ્ધ થાયે;
મોહે કરી પરિત્યાગ કર્મનો, એ તામસ ત્યાગ કહેવાયે. ૭
કર્મને દુઃખરૂપ દેખી, તજે કાયાક્લેશ;
એ રાજસ ત્યાગનું ફલ, જડે નહિ એમ કહે દેવેશ. ૮
નિત્ય નિમિત્ત તે કર્મ કરવાં, તજે તે ફલ આશ;
સાત્વિક ત્યાગ તે કહીયે તેહેને, એમ વદે શ્રી અવિનાશ. ૯

કર્મ ફલનો ત્યાગ જેહેને, યુક્ત જ્ઞાન વિવેક;
સંસારને ઉપજાવનારૂં,તે કર્મ ઉપર નહિ દ્વેષ. ૧૦
દેહાભિમાની પુરુષ જે કોય,તેણે કર્મ તજ્યાં કયમ જાયે;
કર્મફલનો ત્યાગ માટે,ત્યાગી તે કહેવાયે. ૧૧
ઇષ્ટ અનિષ્ટ જે કર્મ મિશ્રિત,તેહેનાં ત્રીવિધિ ફલકહેવાય;
ઇષ્ટ દેવ ગતિ મિશ્રિત માનવ,અનિષ્ટ અધોગતિ જાય.૧૨
પંચૈતાની મહાબાહુ, કહીશ કારણ સાર;
સાંખ્યમાં વરતાંત તેહેનું, જાંણજે વિસ્તાર. ૧૩
અધિષ્ઠાનં કર્તા કારણ, કર્મ ચેષ્ટા થાયે;
દેહ ઇશ્વર એ મળી પાંચે, કાર્ય તે કેહેવાયે. ૧૪
શરીરવાંણી મન મળીને, કર્મ જે કહેવાયે;
સારાં નરસાં નીપજે, એ પંચ થકી તે થાયે. ૧૫
પંચ મળીને નીપજે મન, અહંકરતા માંને તદા;
તે દુરમતિ નથી દેખતા,નર પાર પામે નહિ કદા. ૧૬
અહંકરતાપણું નહિ જેને, બુદ્ધિ કરમે નવ લેપાયે;
જદપિ હણે સહુ લોકને, તોયે દોષે નવ બંધાયે. ૧૭
જ્ઞાન જ્ઞેય પરીજ્ઞાતા, ત્રીવિધિ કર્મ કહેવાયે;
કર્ણ ઉપકર્ણ કર્મ કર્તા, એમ કર્મ સઘળાં થાયે. ૧૮
જ્ઞાનકર્મ ને કર્તા કહીયે, ગુણભેદે એહ જણાયે;
હું કહીશ તુજને સાંભળ અર્જુન, તેથી સંસે જાયે. ૧૯
સ્થાવર જંગમ ભૂત સરવે, ભાળે એક ભગવાંન;

ભાવાભાવ નહિ જે વિષે, તે જાંણ્ય સાત્વિક જ્ઞાન. ૨૦
પ્રથક બુદ્ધિ ભાવ નાહાના, પ્રથક વિધિ વ્રતમાન;
અધીક નૂન્ય દેખે દેહ વિષે, તે જાણ્ય રાજસ જ્ઞાન. ૨૧
શરીર સમસ્તમાં રહ્યો જે હું, ચરાચર ભગવાન;
તે તજી દ્રઢભાવ પ્રતિમા, એ જાંણ્ય તાંમસ જ્ઞાન. ૨૨
નિત્યકર્મ જે સંગ વરજીત, રહિત દ્વેષ ને રાગ;
કર્મફલ ઇચ્છે નહિ તે, કર્મ સાત્વિક ભાગ. ૨૩
કાંમ ભોગની કરે ઇચ્છા, ધરે અતિ અહંકાર;
આશા ત્રષ્ણા અધીક બોહોળી, એ રાજસકર્મવિચાર. ૨૪
જે કર્મ કરતાં સામર્થ્યનો ક્ષય, હોયે હિંસાધર્મ;
મોહારંભ મન પુરુષ અપેક્ષા, એ જાંણ્ય તામસ કર્મ. ૨૫
મુક્તસંગ વાદ રહીતા, ઉત્સાહ ધીરજ અપાર;
સિધ્ય અસિધ્યે નિરવીકારી, કરતા સાત્વિક સાર. ૨૬
કર્મ રાગી લોભ ફલનો, હિંસાયુકત જંન જેહ;
હરખ સોક મન આધક વરતે, કરતા રાજસ તેહ. ૨૭
અજુક્ત કાંમી વિષય વર્તી, અશુચી સૌ આલસી;
અપકીર્તિ પરછિદ્રદરશી, એ જાંણો કરતા તામસી. ૨૮
બુદ્ધિ ધીરજ ત્રીવિધિ પ્રકારે, ગુણભેદે સાંભળ સહી;
ભિન ભિન કહીશ સાધન જે, જ્યાંહાંસંશયરહેશેનહી. ૨૯
પ્રવૃત્તિ નિવૃત્તિ જાંણે, ભે અભે પુન્ય પાતકી;
કાર્ય અકાર્ય બંધ મોક્ષ એ, એ પારથ બુદ્ધિસાત્વિકી. ૩૦

ધર્મને અધર્મ જાણે, જેહેને ખબર નહિ કસી;
કાર્ય અકાર્ય ન જાણે તે, પારથ બુદ્ધિ રાજસી. ૩૧
અધર્મને તે ધર્મ માને, કુડાને રૂડું ગ્રહે;
વિપરીત ભાવના આચરે, એ અર્જુન બુદ્ધિ તામસ કહે.
જે ધીરજથી મન પ્રાણ ઇન્દ્રી,ક્રિયાએ કરી વશ રાખીયે;
ભકિતજોગે ધીર પારથ, તે સાત્વિક ધીરજ ભાખીયે.૩૩
ધરે ધીરજ ધર્મ અર્થે,કામના ઉર રહી વસી;
પ્રસંગે ફલ ચાહના, એ ધીરજ પારથ રાજસી. ૩૪
જે સુપન ભય અતિ શોક વિષાદ, મોહમાન મદમેવચ;
જે ગ્રહ્યું તે મૂકે નહિ,એ ધીરજ તાંમસમેવચ. ૩૫
ત્રિવિધ સુખ તું સાંભળ્ય અર્જુન,આંણી અંગ ઉલ્લાસ;
અભ્યાસે મન રમે સુખમાં,હોયે દુઃખનો નાશ. ૩૬
પ્રથમ તો વિષ સરખું લાગે, પરિણાંમે અમૃત ફ્લ;
એ સુખ સાત્વિક જાણજે,તેઆત્મસુખનિત્ય નિર્મલ.૩૭
વિષય ઇંદ્રિ સંયોગ સુખ,જે પેહેલું અમૃત હોયે;
પરિણાંમે વિષરૂપ જાંણો, રાજસ સુખ તે સોયે. ૩૮
યદા અગ્રે મોહબંધન,આત્માને તે હોયે;
આલસ નિદ્રા પ્રમાદ દેહનાં,તામસી સુખ સોયે. ૩૯
એહેવો નથી કોઇ પૃથ્વીમાંહી, સ્વર્ગમાં નવ હોયે;
પ્રકૃતિમુકત ત્રીગુણરહિત, એવો નથી નર કોયે. ૪૦
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય શૂદ્ર, એ વર્ણ ચાર પ્રમાણ;

ભિન્ન ભિન્ન વ્રતમાંન તેહેનું, ગુણ સ્વભાવે જાણ. ૪૧
શમદમ શાંતિ શૌચ ક્ષાંતી,ક્ષમા તપ ને આર્જવ;
જ્ઞાન વિજ્ઞાન પદ આશ્રીતા,એ બ્રહ્મકર્મ સુભાવજ. ૪૨
તેજ શૌર્ય દક્ષ ધીરજ, યુદ્ધ પલાયન નવ કરે;
દાંન દાતા ભાવ ઇશ્વિર,ક્ષત્રી સુભાવ હરિ ઉચરે. ૪૩
કૃષીવણુજ કરે, કરે ગૌરક્ષા,વૈશ્યનો એહ ધર્મ;
ત્રણ વર્ણની સેવા પરિચર્યા,શૂદ્ર સુભાવ એ કર્મ. ૪૪
આપ આપનો અધિકાર નિષ્ઠા, ગુણધર્મ વ્રતમાન;
એ આચરતાં તે સિદ્ધિ પામે,એમ વદે શ્રીભગવાન.૪૫
ઉપજાવી સર્વ ભૂતને વળી, વ્યાપી રહ્યો છે જેહ;
સુકર્મે યજે અંતર્જામીને, સિદ્ધિ મોક્ષ પાંમે તેહ. ૪૬
ગુણહીણ ધર્મ હોયે આપણો, ગુણજુક્ત હોયે પરધર્મ;
આપણો ધર્મ આચરતાં, તેને બંધન ન કરે કર્મ. ૪૭
સેહેજ કર્મ જે કુંતીનંદન, આચરતાં પાતિક નહી;
સર્વ આરંભ દોષે ઢાંકયા,જ્યમધૂમઅગ્નિઢાંકયોસહી.૪૮
ગ્રેહે કુટુંબ બુદ્ધિ ન હોયે, આસક્તિ સ્પૃહા ન મળે કસી;
નીઃકામ જોગી સંન્યાસી,તે હરિપદ માંહ્યે રહ્યા વસી. ૪૯
સિદ્ધિ પ્રાપ્ત યથા બ્રહ્મ પામે,તેહ જ્ઞાન કહું બોધ;
જ્ઞાનનિષ્ઠા રાખ્ય પારથ, ટળે સર્વ વિરોધ. ૫૦
જ્ઞાન યુકત શુદ્ધ બુદ્ધિ, શબ્દાદી વિષય ત્યાગ;
જીવનમુકત જાણુજે, જેના ટળ્યા દ્વેષ ને રાગ. ૫૧

એકાંત દેશને સેવવો, દેહાદિક સુખત્યાગ;
મનવાણીને જીતવાં, નિત્ય ધ્યાનજોગ વૈરાગ. ૫૨
નહિ અહંકાર બલદર્પ, કામ ક્રોધ વિવર્જીત;
નિરમમતા શાંત આત્મા, બ્રહ્મભૂયો કલ્પીત. ૫૩
બ્રહ્મભૂતો પ્રસન્ન આત્મા, નહિ શોચ કાંક્ષા નહિ;
સર્વ ભૂત સમાન દેખે,મમ ભકત પદ પાંમે સહી. ૫૪
જ્ઞાન ભકિત એ જાંણે મુજને, તત્ત્વવિત નરતેહ;
સાયુજ્ય મુક્તિ પામે માહારી, એહેમાં નહિ સંદેહ. ૫૫
સર્વ કર્મ કરી અર્પે મુજને, મુજ આશ્રય રહે નર જેહ;
માહારે પ્રસાદે કરી, વૈકુંઠ પામે તેહ.
ચિત્તવડે કરે કર્મ અર્પણ, બુદ્ધિ જોગ ઉપાસના;
માહારૂં ચિંતન કરે નિરંતર,ટળે સઉ ભવશાસના. ૫૭
તાહારૂં ચિત્ત તું સૂંપ મુજને, ભવ તરીશ ટળશે ત્રાસ;
અહંકારે નહિ માને તો થશે,નિશ્ચે તાહારો નાશ. ૫૮
અહંકાર આશ્રીત નહિ માને, મમ વચન યુદ્ધ વહેવાર;
પ્રકૃતિ સ્વભાવ જે ક્ષત્રીનો, તને પ્રેરશે નિરધાર. ૫૯
સ્વભાવે એ કુંતીનંદન, કર્મ હોયે હમ્મેશ;
મોહ થકો નહિ આચરે તો, પરવશ થકો તું કરેશ. ૬૦
સઉ હ્રદેમાં રહ્યો ઇશ્વર, જાંણે નહિ મનમૂઢ;
તે ભ્રમાવે સર્વ ભૂતને,જ્યમ જંત્ર માયારૂઢ. ૬૧
તે ઇશ્વરને શર્ણ જા તું, ભારત સઉ ભાવે કરી;

પરમ પ્રસાદ પરમ શાંતિ, પામીશ તું વૈકુંઠ પુરી. ૬૨
જ્ઞાનનું વ્યાખ્યાન કીધું, ગુહ્યમાં મહા ગુહ્ય;
જ્યમ ગમે ત્યમ કરજે પાર્થ, જેહેવી તુજને સૂજ્ય. ૬૩
ગોપ્ય શાસ્ત્ર મેં કહ્યું તુજને પરમ વચન ઉદાર;
તું મુજને વલ્લભ ઘણો, સુણ પારથ પાંડુકુમાર. ૬૪
મહારે વિષે છે ભાવ જેહનો, મને કરે નમસ્કાર;
પાંમે મુજને નહિ સંસે, એ સત્ય વચન નિરધાર. ૬૫
સર્વ ધર્મ અધર્મ મૂકીને, તું સર્ણ માહારે આવ્ય;
શોક પાપથકી મુકાવીશ, તું મિત્ર ચિત્તમાં લાવ્ય. ૬૬
ધર્મ રહીત તપ રહીત જે જન,ભકિત રહીત નર હોયે;
જે કરે અસૂયા માહ્યરી,તેહેને સંભળાવીશ નહિ સોયે.૬૭
ઇદં શાસ્ત્રં પરમ ગુહ્યં, મમ ભકતને સંભળાવે;
તેણે માહારી કરી ભકિત, અતિ પ્રિય મને ભાવે. ૬૮
ગીતાશાસ્ત્રનું શ્રવણ કીરતન, ભાવે કરે જે કોયે;
મનુષલોકમાં નહિ એહેવો, જેહેવો અ વલ્લભ હોયે.૬૯
એ ધર્મ રૂપી સંવાદ આપણો,સાંભળે સંભળાવે જેહ;
જ્ઞાન જજ્ઞ તે કર્યો તેણે,સકલ શિરોમણી તેહ. ૭૦
મૂકી અસોયા શ્રદ્ધા રાખી, સાંભળે સંવાદ;
તે પાંમે મમ લોકને, તજી માયા મોહ પ્રમાદ. ૭૧
હે ધનંજય વચન માહરાં, તેં સાંભળ્યાં કે નાંહ્ય;
અજ્ઞાને ઉપન્યો મોહ એહેવો, ગયો કે નહિ જાય. ૭૨

અર્જુન ઉવાચ

મોહ ગયો થઇ જ્ઞાન સમર્તિ, તમ પ્રસાદે નાથ;
તમો કહેશો તે કરીશ હાવે, જોડીને બે હાથ. ૭૩

સંજય ઉવાચ

શ્રી કૃષ્ણ ને પારથતણો, સંવાદ ઉત્તમ સોયે;
સાંભળતાં આનંદ અદ્દભુત, રોમાંચિત તન હોયે. ૭૪
વ્યાસપ્રસાદે મેં સાંભળ્યું, પરમ ગુહ્ય એ જ્ઞાન;
જોગેશ્વર શ્રીકૃષ્ણ મુખથી, કહ્યું શ્રીભગવાન. ૭૫
હે રાજંન સંવાદ અદ્દભુત, કેશવ ને અર્જુન તણો;
વારંવાર રસપાન કીજે, પ્રેમ ઉર ઉપન્યો ઘણો. ૭૬
એહેવું અદ્દભુત રૂપ હરિનું, મુખે નવ જાયે કહ્યું;
વિસ્મે પામ્યું મન માહરૂં, વારંવાર હરખે હૈયું. ૭૭
યત્ર જોગેશ્વર હરી, ધનુરધર પારથ જાંહાં;
સકલ સોભા સંપત્તિ, જશ કીરતી લક્ષ્મી તાંહાં. ૭૮
સંવત અઢારસેં બાવનો, કૃષ્ણપક્ષ ભાદ્રપદ માસ;
તૃતીયા સોમવારે કીધો, ગીતા ગ્રંથ પ્રકાસ. ૭૯
ધન્ય સંગત્ય ધન્ય રાંમજી, ધન્ય સીવદત્ત ગોવિંદરામ;
ધન્ય સ્વામી જાંનરાય ઠાકોર, ધન્ય સંદેસર ગામ. ૮૦
ગુરૂ બાપુજી કરી ક્રિયા, સ્વાંમી આત્મારાંમ;
સંત સમાગમ પ્રીતમ પામ્યા, હરીચર્ણ કમલસુખધામ. ૮૧

વલણ

અધ્યાય અષ્ટાદશ થયો પૂરણ, પ્રગટયો પરમ આનંદ રે;
કહે પ્રીતમ પ્રેમે કરી, સઉ બોલો જે ગોવિંદ રે.

ઇતિ શ્રીમહાભારતે ભીષ્મપર્વણિ શ્રીભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સંન્યાસ-યોગનિરૂપણં નામ અષ્ટાદશોઽધ્યાયઃ॥૧૮॥

શ્રીગીતાજી સંપૂર્ણ કલ્યાણમસ્તુ

સંવત ૧૮૭૫ ના વરસે ચૈતર સુદ...વાર રવી તીથીને દિવસ પ્રત સંપૂર્ણ લિખિતે સંતે અઢાર ચોપના વૈશાખ વદ ૧૨ ને દિવસ મધ્યાંનને કાલે બાવોજી સધામ પધારા છે તે જાણજો. લખિતંગ સાંમી પ્રીતમના સીસ્ય નારાયણ દાસનો સર્વેને જે સીરાંમ છે.*

सप्तश्लोकी गीता

ૐકાર એકાક્ષર બ્રહ્મ, યહિ જે કોય જાણે મર્મ;
અંતકાલ ઉચારણ કરે, સેહેજ પરમ ગતિ પરવરે;
મેરો મોક્ષપદ પાવે તેહ, પ્રીતમ બોહોર ધરે નહિ દેહ. ૧
સરવતણા જે કાંઇ પદપાંણ્ય, સરવ શિરો લોચન મુખ વાંણ્ય;
સરવતણાં શ્રુતિ મન ભયો, સરવ વસ્તમાં વ્યાપી રહ્યો;
મેરો રૂપ માને નિરધાર, પ્રીતમ પરમ તત્ત્વ સોઇ સાર. ૨

*આ ચાર લીટીઓમાં અનેક ભૂલો છતાં હસ્તલિખિત નમુનાનો ખ્યાલ આપવા માટે તે લખેલી પ્રત મુજબજ અક્ષરશઃ આપેલી છે.

સંપાદક

જે સ્થાંનક મમ કીરતિ હોયે, સબ જગ હરખ પાવત હે સોયે;
જાંહાં મેરી મહિમાપ્રકાશ, રાક્ષસ ભૂત પ્રેત કો નાશ;
સરવ સીધ સનકાદિક જેહ, મેરે ચરણ નમત હે તેહ. ૩
સો સ્વરૂપ મેરો સાક્ષાત, પ્રીતમ પરમ ગુંચ એ બાત;
પૂરણ પુરષોતમ પ્રભુ જેહ, સરવ જીવકો કરતા તેહ;
સૂક્ષમ પે સૂક્ષ્મ હે સહી, જાંહાં મનવાણી પોચે નહિ. ૪
આદિત તેજ હજારાં હોયે, પ્રીતમ પાર બ્રહ્મ કહીયે સોયે;
ઉંચે મૂલ નીચે હે ડાલ, વેદ છંદ જાકે પત્ર વિસાલ;
એસેં વૃક્ષ કું જાને જેહ, સમ્યક જ્ઞાની કહીયે તેહ. ૫
સો જ્ઞાની મેરો હે રૂપ, પ્રીતમ પુરશોતમ અનુપ;
પ્રાણીમાત્ર કે હૃદયે રહું, મોતે સબકો સમરણ લહું;
અજ્ઞાન જ્ઞાન મોતેં હે સાર,ગાવત વેદ મોંહે નિરધાર. ૬
વેદાંત કો કરતા જ્ઞાતા સહી,મોતેં અવર પુરુષ કો નહીં;
મેરો રૂપ જાણે જે કોય, પ્રીતમ જન્મ મર્ણ નહિ હોય;
અર્જુન મેરે વિષે મન રાખ્ય, મેરા ભજનવિના સબ નાખ્ય. ૭
મેરો ભક્ત પાવત હે મોય, અંતકાલ સત જાણો સોય;
અધિક પ્રીય ભક્તિ મમ સાર, પ્રીતમ કૃષ્ણ કહ્યો નિરધાર;
એ સપ્તશ્લોકી ગીતા સોય, પ્રીતે પાઠ કરે જે કોય. ૮
અઢાર અધ્યાયકી ફલ પ્રાપતિ, શીખે સુણે સહેજે મમ ગતિ;
એ શ્રીકૃષ્ણકો બોધપ્રમાણ, પ્રીતમ પાવે પદ નિર્વાણ. ૯

उत्तम अने सस्तुं साहित्य

અતિ ઉત્તમ ધાર્મિક ગ્રંથો

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઈંચ	મૂલ્ય
ગિરધરકૃત શુદ્ધ રામાયણ ...	...૭૮૪ ...	૫ાા×૯	૨ા
અખાની વાણી—મનહરપદ સાથે	...૫૦૦ ...	૫×૮	૧ા
ધર્મતત્ત્વ—બંકિમચરિત્રસાથે ...	...૨૪૮ ...	૫ાા×૮	૦ાા
શ્રીવાલ્મીકિ રામાયણ-મોટા બે ભાગમાં	...૧૪૦૦...	૬ાા×૧૦	૬)
મહાભારતનાં આદિ અને સભાપર્વ	...૬૦૦ ...	"	૨)
શ્રીદાસબોધ-નવી આવૃત્તિ	...૬૨૦ ...	૫ાા×૮	૨ાા
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા—નવી આવૃત્તિ	...૭૦૦ ...	૫ાા×૮	૨ાા
શ્રીમદ્ ભાગવત—ઉત્તમ ભાષાંતર.........	૭૦૦ ...	૮×૧૧	૫)
શ્રીરામકૃષ્ણકથામૃત-બંને ભાગ ભેગા	૬૫૦ ...	૫ાા×૮	૨ા
સ્વામી રામતીર્થ ગ્રંથ ૧ લો. ભા.૧ થી ૫	...૫૦૦ ...	"	૨)
" " ગ્રંથ ૨ જો ભા. ૬ થી ૯	...૬૮૮ ...	"	૨ા
" " ગ્રંથ ૩ જો ભાગ ૧૦–૧૧	...૫૦૦ ...	૫ાા×૮	૨)
" " ગ્રંથ ૪ થો ભાગ ૧૨–૧૩	...૬૪૦ ...	"	૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧લો ભા.૧–૨–૩	...૫૭૫ ...	૫ાા×૮	૨ા
" " ગ્રંથ ૨ જો ભાગ ૪–૫	...૬૦૦ ...	"	૨ા
" " ભાગ ૬ થી ૮ નોખા	...૧૦૦૦ ...	૫×૬ાા	૩ા
" " ભાગ ૯ મો–સંપૂર્ણચરિત્ર	...૭૪૦ ...	"	૨ાા
" " ભાગ ૧૦ મો–રાજયોગ	...૩૦૦ ...	"	૧ા
શ્રીભજનસાગર–નવી આવૃત્તિ	......૨૦૦ ...	૫×૮	૦ાા=
સ્વર્ગનું વિમાન	...૩૮૪ ...	૫×૯	૧ા=
સ્વર્ગની કુંચી	...૩૭૮ ...	"	૧ા=
સ્વર્ગનો ખજાનો	...૩૫૦ ...	"	૧ા=
ભગવદ્ગીતા–ગુજરાતી ટીકાસહિત			૦ા=
ભગવદ્ગીતા મરાઠી કે હિંદી ટીકાસહિત...			૦ાા

ભગવદ્ગીતા–મૂલમાત્ર–મધ્યમ તથા મોટા અક્ષરમાં ૦–) અને ૦ા=

પંચરત્નગીતા–મૂલમાત્ર–નાનામધ્યમતથા મોટા અક્ષરમાં ૦–) ૦ા ૦ાા

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

ઍંકિઅનિબંધમાળા—ધર્મતત્ત્વ સાથે ...	૫૯૦...	પાા×૮	૧ાા
ભાગ્યના સૃષ્ટાઓ	૭૨૦...	"	૨)
સુખ સામર્થ્ય અને સમૃદ્ધિ	૫૫૨...	"	૧ાા=
પ્રભુમયજીવન	૨૧૬...	"	૦ાા

વૈદક સંબંધી ઉપયોગી પુસ્તકો

આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ ...	૧૦૦૦...	પાાા×૮ાા	૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન—ગાંધીજીકૃત...	૧૪૦...	૫ ×૬ાા	૦ા=

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

કાઉન્ટ ટૉલસ્ટૉયનું જીવનચરિત્ર...	...૬૨૦...	પાા×૮	૨ાા
મહાન નેપોલિયન બોનાપાર્ટ...	...૮૪૦...	"	૩)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ જીવનચરિત્ર	૭૪૦...	૫×૬ાા	૨ાા
જગતનો મહાન પુરુષ (મ૦ ગાંધીજી)	૩૫૦...	"	૧ા
મહાન સમ્રાટ અકબર	૩૫૨...	પાા×૮ા	૧ા
શ્રી શિવાજી છત્રપતિ	૫૨૮...	પાાા×૯	૨ા
વીર દુર્ગાદાસ	૨૪૦...	પા×૭ા	૦ાા
ભારતનાં સ્ત્રીરત્નો—ગ્રંથ ૧ લો	૨૧૦૦...	પાાા×૮ા	૬)
" " " ગ્રંથ ૨ જો			
" " " ગ્રંથ ૩ જો	છુટક દરેક ભાગના		૨ાા

સ્ત્રીઓ તથા પુરુષો માટે બોધપ્રદ વાર્તાઓ

ટૂંકીવાર્તાઓ ભા. ૧, ૨, ૩, ૪ થોડા માસમાં છપાઇ બહાર પડશે.

ટૂંકીવાર્તાઓ—ભાગ ૫ મો-૨૮, સાંસારિક વાતો	૩૦૪...	૫×૬ાા	૦ાા=
ટૂંકીવાર્તાઓ—ભાગ ૬ ઠ્ઠો—બોધપ્રદ ૨૭ વાતો	૩૬૦...	"	૧)
ટૂંકીવાર્તાઓ—ભાગ ૭ મો—અનેક વાતો	૩૫૦...	"	૧ાા
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી	૧૬૮...	૪×૭ાા	૦ા

બાળકોમાટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્ગુણી બાળકો—૬૯ બનાવોનો સંગ્રહ	૧૨૮...	૫×૭ાા	૦=
બાળસદ્બોધ—વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૧૨...	"	૦ાા

બાળકોની વાતો-રસિકવાતચિતરૂપે ૨૧ પાઠ	૯૬...	પ×૬॥	०।
દુઃખમાં વિદ્યાભ્યાસ-સચોટ સાચાં દૃષ્ટાંતો	૯૦...	પ॥×૮	०।
સુબોધક નીતિકથા	૧૮૪...	પ॥×૭	०।ं

हवे पछी बहार पडनारा ग्रंथो

નીચલામાંના ઘણાખરા ગ્રંથો ચાલુ તેમજ આવતા-૧૯૮૨ ના વર્ષમાં નીકળેથી વિવિધ ગ્રંથમાળાદ્વારા ખબર અપાશે.

ભારતના સંત તથા વીરપુરુષો	રાજસ્થાનનો ઇતિહાસ-૨ ભાગ
શ્રીગૌરાંગ પ્રભુનું મોટું ચરિત્ર	યોગવાસિષ્ઠ ૨-ભાગ-નવી આવૃત્તિ
સંતવાણીસંગ્રહ અનેક ભાગોમાં	ભગવતી ભાગવત નવી આવૃત્તિ
તુલસીકૃત રામાયણ-ટીકાસહિત	પઢિયારકૃતસ્વર્ગનાંબાકીનાંપુસ્તકો

संपूर्ण महाभारत

આ ગ્રંથ કહાડવાની યોજના અગાઉ પડતી મૂકેલી, તે પાછી શરૂ કરવાની તૈયારી ચાલે છે. ઇશ્વરેચ્છા હશે તો આવતા વર્ષમાં તેની યોજના રજુ કરાશે અને એકાદ વરસમાંજ આખો ગ્રંથ રૂ. ૨૫) માં બહાર પડી જશે.

पुस्तको मंगावनारने खास सूचना

૧-પોસ્ટેજ ઉપરાંત રજીષ્ટર તથા વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦ સુધીનું રૂ. ०। જુદું લાગે છે. ૨-બહારથી મંગાવનારે અમદાવાદજ લખવું. ૩-મંગાવેલામાંથી જે પુસ્તક ન આવે તે ખલાસ સમજવું. ૪-રૂ. ૧)થી ઓછાનાં પુસ્તકાદિ જોઇયે તો વી. પી. થી ન માગતાં મ. ઓ. કે ટીકીટજ મોકલવી. ૫-પુરૂં મૂલ્ય તથા વધારાના પેકીંગ ઇ૦ બદલ ०। પ્રથમથીજ મોકલીને દરેક રૂા.નાં સામટાં પુસ્તકાદિ રેલરસ્તે મંગાવનારાને ખર્ચ બહુ ઓછો આવશે. ૬-કમમાં કમ રૂ. ૨૫) નાં પુસ્તકાદિ લેનારને કમીશન પણ મળશે. ૭-બહારનાં પુસ્તકો લાવીને મોકલાશે નહિ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદમાં—સેશન કોર્ટ પાસે. મુંબઇમાં-કાલબાદેવી રોડ,